પૂ. શ્રી રમેશભાઈ ઓઝાની પ્રવચન પ્રસાદી

# ધરમ ન દૂસર સત્ય સમાના

## સદ્‌વિચાર પરિવાર હીરક મહોત્સવ પ્રકાશન શ્રેણી-૧




-: પ્રકાશક :-

**સદ્‌વિચાર પરિવાર**

સમર્પણ વિદ્યાપીઠ, રામદેવનગર બસ સ્ટેન્ડ પાસે
ઈસરો રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫

# વંદના

ગુજરાતના અનન્ય લોકસેવાના ભેખધારી શ્રી હરિભાઈ પંચાલ દ્વારા ૧૯૪૯ થી ૧૯૬૫ સુધી તેમના બે સાથીઓના સહયોગ સાથે જે સેવાકીય પ્રવૃત્તિઓ કરી હતી તે આજે વટવૃક્ષ બની છે. ઈ.સ. ૧૯૪૯ના વિજયાદશમીના પાવનદિને શ્રી ડોંગરેજી મહારાજ, શ્રી પુનિત મહારાજ અને શ્રી રવિશંકર મહારાજના આશિષથી જેનો પ્રારંભ થયો હતો તે સદ્‌વિચાર પરિવારની જાહેર ટ્રસ્ટ તરીકે ૧૯૬૫માં નોંધણી કરવામાં આવી.

કોઈ પણ જાતના રાજકારણ તેમજ સ્વાર્થકારણથી પર રહી સદ્‌વિચારના સિંચન અને પીડિતોની સેવા માટેની વિવિધ પ્રવૃત્તિ કરતી આ સેવા સંસ્થા અમૃતબિંદુ પ્રકાશન, સદ્‌ભાવ-સ્મારક ગ્રંથાવલી, પ્રેરક પ્રકાશનો, 'સુવિચાર' માસિક, બાળકોનું છાપું, દર્દી સેવા કેન્દ્ર, રક્તપિત્ત સેવા કેન્દ્ર, નેત્રયજ્ઞ, આંખની હોસ્પિટલ, વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર, સમર્પણ વિદ્યાપીઠ, રક્તદાન, ચક્ષુદાન, કિડનીદાન, દેહદાન, સંકટરાહત, દુષ્કાળરાહત, પૂરરાહત, તોફાનરાહત, વનનિર્માણ, જેલ - હોસ્પિટલે-શાળાઓમાં રક્ષાબંધન, ફાંસી કેદીનું હૃદય પરિવર્તન, એમ્બ્યુલન્સ સેવા, ઓક્સિજન સેવા, અસ્થિવિસર્જન સેવા, ભક્તિ-સંગીતસત્ર, મનનો જમણવાર વગેરે પ્રવૃત્તિઓ પૂરી નિષ્ઠાપૂર્વક ચલાવે છે.

રાહતનાં કામોની સાથે-સાથે વનનિર્માણ, વનરક્ષા, વૃક્ષપ્રેમનું જાગરણ, સ્મશાનભઠ્ઠી વગેરે નિર્માણલક્ષી પ્રવૃત્તિ પણ નિરંતર કરે છે.

**- સદ્‌વિચાર પરિવાર**

તારીખ: ૫/૨/૧૯૮૮

(પૂ. શ્રી રમેશભાઈ ઓઝાની પ્રવચન પ્રસાદી)

# ધરમ ન દૂસર સત્ય સમાના

## સદ્‌વિચાર પરિવાર હીરક મહોત્સવ પ્રકાશન શ્રેણી-૧


વક્તા :

**પૂ. શ્રી રમેશભાઈ ઓઝા**

રજૂકર્તા :

**શ્રી હરિભાઈ પંચાલ 'નિમિત્તમાત્ર'**



-: પ્રકાશક :-

**સદ્‌વિચાર પરિવાર**

સમર્પણ વિદ્યાપીઠ, રામદેવનગર બસ સ્ટેન્ડ પાસે

ઈસરો રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ- ૩૮૦૦૧૫

Website: www.sadvicharparivar.org • E-mail: sdparivar.org@gmail.com

**ધરમ ન દૂસર સત્ય સમાના**

(પૂ. શ્રી રમેશભાઈ ઓઝાની પ્રવચન પ્રસાદી)

સંપાદક : શ્રી હરિભાઈ પંચાલ 'નિમિત્તમાત્ર'

સદ્‌વિચાર પરિવારના હીરક મહોત્સવ નિમિત્તે પ્રકાશિત


- પ્રકાશક :

  **સદ્‌વિચાર પરિવાર**

  સમર્પણ વિદ્યાપીઠ, રામદેવનગર બસ સ્ટેન્ડ પાસે

  ઈસરો રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫

  E-mail: **sdparivar.org@gmail.com**

- પ્રત : ૧૦૦૦
- મૂલ્ય : રૂ. ૪૦/-
- આવૃત્તિ : દ્વિતીય
- મુદ્રક : **પ્રિન્ટ વિઝન પ્રાઈવેટ લિમિટેડ**

  આંબાવાડી બજાર, અમદાવાદ-૬
- વિતરણ વ્યવસ્થા : સદ્‌વિચાર પરિવાર


**વિતરણ વ્યવસ્થા : સદ્‌વિચાર પરિવાર :**

આપનાં સ્નેહી-સ્વજનોને આ ઉપયોગી પુસ્તક આપવું હોય તો શ્રી મિતેષ શાહના મોબાઈલ નંબર : ૯૪૨૭૬૩૧૩૧૩ પર તેમના નામ-સરનામા અને સંપર્ક નંબરની જાણ કરશો.

# સદ્‌વિચાર પરિવારઃ માનવ સેવાનું સરનામું

શ્રી હરિભાઈ પંચાલ, શ્રી ચંદુભાઈ પ્રજાપતિ અને શ્રી જીતુભાઈ પટેલની સેવાભાવી ત્રિપુટીએ સ્થાપેલ સદ્‌વિચાર પરિવાર વર્ષ ૨૦૨૫માં તેની સેવા યાત્રાનાં ૬૦ વર્ષ પૂરાં કરશે. શ્રી હરિભાઈ પંચાલ દ્વારા સમાજમાં સદ્‌વિચાર પ્રસરે તે માટે ‘સુવિચાર’ (માસિક)ના પ્રકાશન સાથે અનેક સમાજોપયોગી પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવ્યું હતું. ત્રણસો કરતાં વધારે પુસ્તકો પ્રકાશિત કરી ગુજરાતના લોકોના સંસ્કાર-ઘડતરમાં અને ગુજરાતની અસ્મિતા ઉજાગર કરવામાં શ્રી હરિભાઈ પંચાલ સાથે અનેક સિદ્ધહસ્ત લેખકોએ જે અનન્ય પ્રદાન કર્યું છે તેને હીરક મહોત્સવ પ્રસંગે અંજલિ આપવા માટે આમાંનાં પસંદ કરેલાં પુસ્તકોને પુનઃ પ્રકાશિત કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. ‘સુવિચાર’ના તમામ ગ્રાહકોને બે પુસ્તકો આ પ્રસંગે નિઃશુલ્ક મોકલવામાં આવશે. આશા રાખીએ છીએ કે અમારા સૌ આજીવન સભ્યો, ‘સુવિચાર’ના વાચકો-દાતાઓ અને શુભેચ્છકોને અમારો આ પ્રયાસ પસંદ આવશે.

**સદ્‌વિચાર પરિવાર ટ્રસ્ટી મંડળ**

- ડૉ. પંકજ એમ. શાહ “પદ્મશ્રી” પ્રમુખ
- પીયૂષ ઓ. દેસાઈ ઉપપ્રમુખ
- પ્રવીણ કે. લહેરી મેનેજિંગ ટ્રસ્ટી
- શૈલેશ આઈ. પટવારી સહમંત્રી
- જિતેન્દ્ર બી. પંચાલ કોષાધ્યક્ષ
- કે. આર. સિંઘ ટ્રસ્ટી
- વિનોદ એ. શાહ ટ્રસ્ટી
- નીના મધુસૂદન શાહ ટ્રસ્ટી

ગુજરાતના અનોખા આજીવન સેવાના ભેખધારી શ્રી હરિભાઈ પંચાલ દ્વારા ૧૯૬૫માં સ્થપાયેલ સદ્‌વિચાર પરિવારનો લગભગ છેલ્લાં ૬૦ વર્ષનો ભાતીગળ ઈતિહાસ છે. અનેક મૌલિક વિચારો નવી પહેલ અને પરિવર્તનશીલ સમાજની નાનામાં નાની જરૂરિયાત પૂરી કરવા માટે સદ્‌વિચાર પરિવારે હંમેશાં સંવેદના સાથે કાળજી રાખવા પ્રયત્ન કર્યો છે.

મૂળભૂત રીતે 'જે સારું વિચારશે તે સારું કરશે' તે સૂત્રમાં શ્રદ્ધા સાથે સમાજમાં સૌના દિલમાં સેવાનો દીવડો પ્રગટે તે માટે હરિભાઈએ ૩૦૦થી વધારે પુસ્તકો છપાવીને વિતરણ કર્યું. દર મહિને સદ્‌વિચારનું મુખપત્ર 'સુવિચાર' આજે ૧૦,૦૦૦ જેટલા પરિવારમાં નિયમિત વંચાય છે. 'સુવિચાર'ના ગ્રાહકો અને વાચકો જ અમારા દાતાઓ છે. તેમના સહયોગથી આજે 'સદ્‌વિચાર પરિવાર' સંસ્થા અનેકવિધ સેવાઓ આપી રહી છે.

## સદ્‌વિચાર પરિવારની વિવિધ પ્રવૃત્તિઓ

૧. જે દર્દીઓ ઘરમાં પથારીવશ હોય અથવા હલનચલનમાં મુશ્કેલી અનુભવતા હોય તેમને વિવિધ પ્રકારનાં મેડિકલ સાધનો ખૂબ નજીવા દરે ઘરવપરાશ માટે આપવામાં આવે છે.

૨. શ્રીમતી શાંતાબહેન જયંતીભાઈ ચોકસી અને જયંતીભાઈ જેઠાલાલ ચોકસી માનસિક આરોગ્ય કેન્દ્ર દ્વારા માનસિક અશાંતિ અને હતાશા દૂર કરવા અદ્યતન સારવાર આપવામાં આવે છે.

૩. આજના યુગની જરૂરિયાત પ્રમાણે કમ્પ્યૂટરમાં પ્રાથમિક અને એડ્‌વાન્સ કોર્સ દ્વારા કોઈ પણ ઉંમરની વ્યક્તિને કમ્પ્યૂટર સંચાલન માટે સુસજ્જ કરવામાં આવે છે.

૪. આંજનેય રીડિંગરૂમમાં ૨૫૦ જેટલાં યુવાન-યુવતીઓ સમગ્ર વર્ષ દરમિયાન પ્રવેશ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરે છે.

૫. **શુભમ્ હોલ** : સંસ્થાના સહયોગથી બે કલાકની સંપૂર્ણ વૈદિકવિધિ સાથે લગ્ન તેમજ તેના રજિસ્ટ્રેશન અંગેની તમામ કાર્યવાહી કરવામાં આવે છે. 'સદ્‌વિચાર પરિવાર'નાં રામદેવનગર અને નરોડા બંને સેન્ટર ઉપર આ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

૬. **અન્નદાન મહાદાન :** સંત પુનિત ખીચડી પ્રસાદ દ્વારા ૧૦૦ જેટલી વ્યક્તિઓને નિઃશુલ્ક ભોજન અને જરૂરિયાતમંદ પરિવારોને રાશનકિટનું વિતરણ કરવામાં આવે છે.

૭. ડો. શિલિનભાઈ શુક્લની સ્મૃતિમાં દર મહિનાના બીજા રવિવારે આરોગ્ય વિષયક પ્રવચન દ્વારા નિષ્ણાત ડોક્ટરો રોગથી બચવા અને જરૂર જણાય તો યોગ્ય સારવાર લેવા માટે માર્ગદર્શન આપે છે.

૮. આજના સમયની તાતી જરૂરિયાતના સંદર્ભે સદ્‌વિચાર પરિવાર સિનિયર સિટીઝન-વડીલો માટે છેલ્લાં પાંચ વર્ષથી કાર્યરત છે. સદ્‌વિચાર પરિવાર વરિષ્ઠ ગૌરવ ગ્રૂપ, ૬૦થી વધુ ઉમરના સિનિયર સિટીઝન-વડીલો અરસપરસ હળી-મળી આનંદ કરી જીવનસંધ્યાને ઉત્સવરૂપ બનાવી શકે તે માટે ૩૨૫થી વધુ સભ્યો ધરાવતું આ ગ્રૂપ કાર્યરત છે, જેઓ સદ્‌વિચાર પરિવારના પ્રાંગણમાં અઠવાડિયામાં ત્રણ દિવસ ભેગા મળી અનેકવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યા છે, તેમના સ્વાસ્થ્ય માટે સમયાંતરે વિવિધ ચેક-અપ કરવામાં આવે છે.

૯. **શ્રી હરિ ડાઈનિંગ હોલ :** શ્રી દિશા ફાઉન્ડેશન પ્રેરિત આ ભોજનાલય તરફથી દરરોજ ૧૦૦ જેટલા વરિષ્ઠ નાગરિકો ઘેરબેઠાં ટિફિન તેમજ ૬૦૦ જેટલી વ્યક્તિઓ ભોજન અને નાસ્તાની સુવિધાનો લાભ લે છે.

૧૦. **મદનમોહન રમણલાલ હોલ :** ૨૫૦ વ્યક્તિઓની ક્ષમતાવાળા આ હોલને ચાર કલાકના ધોરણે સાઉન્ડ સિસ્ટમ, ખુરશી, એરકન્ડિશન જેવી તમામ સુવિધા સાથે સામાજિક, ધાર્મિક પ્રસંગો માટે આપવામાં આવે છે.

૧૧. મેઘમણી ગ્રૂપના સૌજન્યથી સ્વજનની અંતિમયાત્રા માટે અદ્યતન ‘મોક્ષવાહિની’ની સેવા નિઃશુલ્ક ઉપલબ્ધ છે.

૧૨. **સ્વજનના મૃત્યુ પ્રસંગે :** વિદેશ વસતાં સંતાનોની અંતિમ સંસ્કારમાં હાજરીની રાહ જોતા પરિવારો માટે એરકન્ડિશન કોફિનની સેવા ઉપલબ્ધ છે.

૧૩. **વડીલોનાં અસ્થિનું વિસર્જનઃ** ચાણોદ-નર્મદા નદી અથવા હરિદ્વાર-ગંગા નદીમાં વિસર્જન માટે અસ્થિ સ્વીકારવામાં આવે છે.

૧૪. **જન-જનને ભોજનઃ** દાતાઓના સહયોગથી સેંકડો લાભાર્થીઓને દરરોજ દાળ-ભાત, શાક અને રોટલીનું ભોજન નિઃશુલ્ક પૂરું પાડવામાં આવે છે.

૧૫. મહિલા ઉત્કર્ષ કેન્દ્ર તરફથી સફળ મહિલાઓનાં સન્માન, મહિલાઓમાં જાગૃતિ અને તેમના સશક્તીકરણ માટે અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. છેલ્લાં ત્રણ વર્ષથી ૧૫૦૦ + બહેનોને સીવણ, કમ્પ્યૂટરમાં CCC, ટેલિ, બેકરી, બ્યુટી પાર્લર માટેના બેઝિક અને એડ્વાન્સ લેવલના કોર્સ કરીને સમાજમાં પોતાનું ગમતું અને જરૂરિયાતને અનુલક્ષીને કાર્ય કરીને આગળ વધવામાં ‘સદ્‌વિચાર પરિવાર’ સંસ્થા સહાયભૂત બની રહી છે.

૧૬. ગાંધીનગરના ઉવારસદ ખાતે સદ્‌વિચાર પરિવાર સંચાલિત હિરલક્ષ્મી ભીખાલાલ બેન્કર દિવ્યાંગ પુનર્વાસ કેન્દ્ર ખાતે ૨૦૦ દિવ્યાંગ બાળકોના શિક્ષણ માટે નિવાસી શાળા આવેલ છે. દિવ્યાંગો માટે તેમની શક્તિનું નિદર્શન થાય તેવા કાર્યક્રમો પણ સાથે યોજવામાં આવે છે.

૧૭. સદ્‌વિચાર પરિવાર મેક એ ડિફરન્સ સંસ્થાના સહયોગમાં સવાસો જેટલા અતિગરીબ પરિવારનાં બાળકોને સર્વાંગી વિકાસ માટે અનેકવિધ સુવિધાઓ પૂરી પાડે છે.

૧૮. અમદાવાદના નરોડા ખાતે સદ્‌વિચાર પરિવાર હરગોવનદાસ પ્રભુદાસ આંખની હોસ્પિટલ આવેલ છે, જેમાં દર્દીનાં મોતિયાનાં અદ્યતન ટોપિકલ પદ્ધતિથી ફેંકો મશીન દ્વારા લેન્સ મૂકીને ઓપરેશન ખૂબ જ નજીવા દરે કરવામાં આવે છે.

૧૯. સદ્‌વિચાર પરિવારની મણિનગર વિસ્તારમાં આવેલી શાખામાં ફિઝિયોથેરાપી સેન્ટર શરૂ કરવામાં આવેલ છે. એલ.જી હોસ્પિટલ, મણિનગર ખાતે ખીચડી વિતરણનો સવાર-સાંજ અંદાજે ૩૦૦ વ્યક્તિઓને લાભ લે છે. દરરોજ સાંજે બહારગામના ૨૦ દર્દીઓનાં સગાંઓને ટિફિન સેવા, એલ.જી. હોસ્પિટલમાં દરરોજ સવારે અને સાંજે મફત દવાઓનું વિતરણ કરવામાં આવે છે. ત્યક્તા બહેનોને દર મહિને અનાજ સહાય, બીમાર દર્દીઓ માટેની માવજાતનાં સાધનો, લગભગ ૨૫ પ્રકારનાં ડિપોઝિટ લઈ ઓછા ભાડે, હોસ્પિટલ બેડ, વ્હીલચેર, ઓક્સીજન કોન્સન્ટ્રેટર, સક્શન મશીન, બાયપેપ તથા સીપેપ સુધીનાં સાધનોની સુવિધા ઉપલબ્ધ છે.

૨૦. સદ્‌વિચાર પરિવારના સ્થાપક અને આજીવન સેવાના ભેખધારી શ્રી હરિભાઈ પંચાલની પુણ્ય સ્મૃતિમાં સેવા ક્ષેત્રે સંપૂર્ણ સમર્પણ સાથે ઉત્કૃષ્ટ પ્રદાન કરનારને 'શ્રી હરિભાઈ પંચાલ સેવારત્ન એવોર્ડ' એનાયત કરવામાં આવે છે. દર વર્ષે ૬થી ૧૦ જાન્યુઆરીના પાંચ દિવસો દરમિયાન 'મનનો જમણવાર' યોજીને સમાજની વિવિધ પ્રતિભાશાળી વ્યક્તિઓને આમંત્રિત કરી તેમનાં વક્તવ્ય યોજવામાં આવે છે.

૨૧. સદ્‌વિચાર પરિવાર 'પરિણય મેરેજ બ્યૂરો' સાથે રહીને આજના સમયની બદલાતી સ્થિતિ અનુસાર જીવનસાથીની શોધ માટે મેરેજ બ્યૂરોની સુવિધા પણ પૂરી પાડવામાં આવે છે.

૨૨. **ડો. કે.આર. શ્રોફ સેવા સદન-સિનિયર સિટીઝન, વડીલો માટે આરોગ્ય વિષયક સેવાઓ:** આ પ્રવૃત્તિ કરતાં સમાજની આજની સ્થિતિ જોતાં અમને અનુભવે જણાયું કે પથારીવશ વડીલો, વિદેશમાં સંતાનો હોય અને તેમનાં માતા-પિતા એકલાં રહેતાં હોય, પોતાના પાત્રનું મૃત્યુ થતાં એકલા અને બીમાર પથારીવશ થતા વડીલો એમ એવા કેટલાય વડીલોની આરોગ્યવિષયક કાળજી માટેનું સ્થળ એટલે સદ્‌વિચાર પરિવારનું ચાર માળનું 'ડો. કે.આર. શ્રોફ સેવા સદન'. જ્યાં વડીલો અને જરૂરિયાતમંદ વ્યક્તિઓ માટે અદ્યતન ફિઝિયોથેરાપી અને ઓક્યુપેશનલ થેરાપી સેન્ટર, ડેન્ટલ ક્લિનિક, ફાર્મસી, લેબોરેટરી સેવાઓ, જે દર્દીઓ ઘરમાં પથારીવશ હોય અથવા હલનચલનમાં મુશ્કેલી અનુભવતા હોય તેમને વિવિધ પ્રકારનાં મેડિકલ સાધનો ખૂબ નજીવા દરે ઘર વપરાશ માટે આપવામાં આવે છે.

૨૩. વરિષ્ઠ નાગરિકો માટે આધુનિક રિહેબિલિટેશન સેન્ટર ૪૬ બેડ્‌સની ક્ષમતા સાથે ઉપલબ્ધ છે. આંખોના જતન માટે કોમ્યુનિટી આંખની હોસ્પિટલ તેમજ હેલ્થ કેર સહાય માટે તાલીમ કેન્દ્ર, વરિષ્ઠ નાગરિકો માટે મલ્ટિ-સ્પેશિયાલિટી ક્લિનિક, મહિલાઓ માટે મલ્ટિ-સ્પેશિયાલિટી ક્લિનિક, બાળકો માટે ક્લિનિક, જરૂરિયાતમંદ માટે નિઃશુલ્ક અથવા ખૂબ નજીવા દરે દવાખાનું, માનસિક આરોગ્ય ક્લિનિક, કોન્ફરન્સ હોલ, વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરવા માટે જગ્યા ''ડો. કે.આર. શ્રોફ સેવા સદન''માં આવેલ છે. હોમ કેર વાન સેવા ટૂંક સમયમાં શરુ થશે.

૨૪. દર શુક્રવારે તમામ બહેનો માટે સંપૂર્ણ શારીરિક તપાસ સંબંધિત વિષયોની નિષ્ણાત ડોક્ટરો દ્વારા તપાસ કરી આપવામાં આવે છે. આરોગ્ય સંકુલ મારફત સરેરાશ મહિનાના ૧૧૫૦ ઓપીડી દર્દીઓને નિઃશુલ્ક દવા આપવામાં આવે છે. વિવિધ રોગોના નિષ્ણાત તબીબો દ્વારા નિદાન અને સારવારની સુવિધા ખૂબ જ વાજબીદરે ઉપલબ્ધ છે.

૨૫. **જનરલ ડ્યૂટી આસિસ્ટન્સ કોર્સઃ** ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માન્ય જનરલ ડ્યૂટી આસિસ્ટન્ટ સર્ટિફિકેટ કોર્સ નિઃશુલ્ક રીતે અમારા અનુભવી ડોક્ટરો તથા ટ્રેઈનરો દ્વારા વર્ગશિક્ષણ તથા પ્રાયોગિક તાલીમ આપવામાં આવે છે. ત્રણ મહિનાની તાલીમ બાદ પેઈડ ઇન્ટર્નશિપની જોગવાઈ તેમજ રોજગાર મેળવવામાં પણ સહાય આપવામાં આવે છે.

૨૬. સદ્‌વિચાર પરિવાર સંચાલિત ચીનુભાઈ આર. શાહ કમ્પ્યૂટર એન્ડ લેંગ્વેજ એકેડેમીમાં ભારતીય અને વિદેશી ભાષા શિખવાડવામાં આવે છે, જેવી કે ગુજરાતી, સંસ્કૃત, સ્પેનિશ, અંગ્રેજી, ઇટાલિયન, ફ્રેન્ચ, જર્મન, રશિયન વગેરેના તાલીમવર્ગો માટે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષા થકી ખૂબ અનુભવી ફેકલ્ટી દ્વારા શિખવાડવામાં આવશે, જેનો તમે લાભ લઈ શકશો.

આ વિવિધ સેવાઓનો લાભ વધુમાં વધુ લોકો સુધી પહોંચે એ ઉદ્દેશ સાથે આ સેવાની ધૂણી જેમણે પ્રજવલિત કરી છે એવા સદ્‌વિચાર પરિવારના સ્થાપક સ્વ. શ્રી હરિભાઈ પંચાલની મૂલ્યનિષ્ઠ વિચારધારા ઉપર અવલંબિત સંસ્થાના સમગ્ર ટ્રસ્ટીગણશ્રીઓ પૂરી નિષ્ઠા અને સમર્પણ સાથે કાર્યરત છે.

અમારી સેવાઓ અંગે વધુ માહિતી માટે

તમે અમારો સંપર્ક E-mail: sdparivar.org@gmail.com અને આરોગ્યલક્ષી સેવાઓની માહિતી માટે અમારા સેવા સદનના હેલ્પલાઈન નંબરઃ ૯૮૯૮૩૭૭૭૦૦ ઉપર સંપર્ક કરી શકશો.

વધુ માહિતી માટે અમારી Website : www.sadvicharparivar.orgની મુલાકાત પણ લેતા રહેશો.

આ પુસ્તક આપ સૌને ઉપયોગી થઈ શકે એ ભાવના સાથે સદ્‌વિચાર પરિવારની સ્થાપનાના સાઈઠમા વર્ષની ઉજવણી એવા ષષ્ટી પર્વના ભાગરૂપે પુસ્તકમાં રહેલા વિચારભાવને અમે આપની સમક્ષ આ પુસ્તકને નવા સ્વરૂપ સાથે પુનઃ પ્રકાશિત કરી રજૂ કરી રહ્યા છીએ.

# કઠિન પરિશ્રમ અને જોખમ સાથેના
# સત્યપાલન પછી
# સત્ય વિશે સાર્થક પ્રવચન

ગુજરાત યુવક કેન્દ્ર આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પૂ. શ્રી રમેશભાઈ ઓઝા 'धरम न दूसर सत्य समाना' એ વિષય ઉપર પ્રેરક ઉદ્‌બોધન આપવા માટે પધારે એવી લાગણી યુવક કેન્દ્રના સંચાલકો દ્વારા વ્યક્ત થતાં અમે પૂ. શ્રી રમેશભાઈ પાસે પ્રેમાગ્રહ કર્યો ને તેઓશ્રીએ પ્રેમવિવશ થઈને અમારા આગ્રહનો સ્વીકાર કર્યો.

પ્રવચનના આગલા દિવસે વેરાવળમાં તેઓશ્રીના જ્ઞાનયજ્ઞની પૂર્ણાહુતિ બપોરના સમયે થવાની હતી, પરંતુ ત્યાંની કથા એવી તો જામેલી કે પૂર્ણાહુતિ છેક રાતના દસ વાગ્યે થઈ.

હવે શું થાય?

રાતના દસ પછી નીકળીને સવારના નવ વાગ્યે પર્યુષણ પ્રવચનમાં 'સત્ય' વિશે બોલવા માટે પહોંચવાનું હતું. પ્લેન કે ટ્રેનની કોઈ સગવડ અનુકૂળ પડે એમ ન હતી એટલે આખીય રાતની કાર મુસાફરી કરીને અમદાવાદ પહોંચવાની અને પછી ટાઉનહોલમાં સત્ય વિશે પ્રવચન કરવાની કામગીરી ખૂબ કપરી અને કાર દ્વારા રાત્રિ પ્રવાસની દૃષ્ટિએ ખૂબ જોખમી હતી..એટલે વેરાવળમાં પૂ. શ્રી રમેશભાઈ સમક્ષ સૂચન પણ આવ્યું કે આવી તકલીફ ને આવું જોખમ વહોરી લેવાના બદલે ફોનથી ના પાડી દેવી જોઈએ, પરંતુ 'સત્ય' વિશે ઉદ્‌બોધન કરવા જનાર સંત પોતે જ સત્યનું પાલન ન કરે એ કેમ ચાલે ?

એટલે એમણે સત્યની અવહેલના કરવાની સલાહની પોતે જ અવહેલના કરી ને સત્ય વિશેનું ઉદ્‌બોધન કરવા માટે પહોંચી જવાના સત્યને વળગી જ રહેવું છે એવો સંકલ્પ જાહેર કર્યો.

રાતના દસ વાગ્યે પૂર્ણાહુતિ થઈ ને તે પછી વેરાવળથી અમદાવાદ પહોંચવા માટે પૂ. શ્રી રમેશભાઈ કાર દ્વારા રવાના થયા.

રાત્રિ પ્રવાસ જોખમી હતો જ ને એ જોખમ સત્ય બનીને આવ્યું. કેશોદ પાસે એમની કારને ભારે અકસ્માત નડ્યો. કારને ભારે નુકસાન થયું. પોતે બચી ગયા પણ પોતાનાં પત્ની-બાળકોને સાધારણ ઈજા થઈ.

આવી પરિસ્થિતિના કારણે સ્વાભાવિક રીતે જ કેશોદથી અમદાવાદ તો ફોન કરીને સવારનું સત્ય પરનું પ્રવચન બંધ રાખવાની સૂચના આપવાનું મન થઈ જાય એમ જ હતું, પરંતુ સત્ય પરનું પ્રવચન કરવા જઈ રહેલા સંત સત્યના પાલન માટે આગ્રહી હતા એટલે પત્ની-બાળકોને સારવાર માટે કેશોદ છોડીને પોતે બીજી કારમાં સત્ય પરનું પ્રવચન કરવા માટે અમદાવાદ જવા રવાના થઈ ગયા.

આવી પરિસ્થિતિના કારણે એ અમદાવાદ પહોંચવામાં થોડાક મોડા તો પડ્યા, પરંતુ ટાઉનહોલ ખાતેની સભા પૂરી થઈ જાય તે પહેલાં  પહોંચી ગયા ને પછી તો સત્યના આચરણાવાળા સંતે 'धरम न दूसर सत्य समाना' એ વિષય પર એવું તો પ્રભાવક પ્રવચન કર્યું કે સૌ મુગ્ધ થઈ ગયા.

આવા સંતના હૃદયમાં રક્તપિત્તના રોગથી પીડાતા છૂપા દર્દીઓને શોધી કાઢવામાં આવે ને એમને પ્રેમથી સમજાવી દવા લેતા કરી વિકૃતિનો ભોગ થતા બચાવી લેવામાં આવે તે માટેની ગુજરાત રક્તપિત્ત નિવારણ સેવા સંઘની પ્રવૃત્તિ પ્રત્યે અપાર મમતા બેઠી છે અને તેથી જ તા. ૫ ફેબ્રુઆરીથી તા. ૧૪ ફેબ્રુઆરીસ, ૧૯૮૮ સુધી વડોદરામાં શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ માટેના દિવસો પ્રેમની આપ્યા છે. એને લક્ષમાં લઈને આ સાર્થક પ્રવચનની પુસ્તિકા તૈયાર કરી બાર-બાર વર્ષના અખંઢ મૌનવ્રતી સંત પૂ. શ્રી સંપૂર્ણાનંદજીના આશીર્વાદ સાથે આપ સૌના કરકમળમાં અર્પણ કરતાં આનંદ થાય છે.

**- સદ્‌વિચાર પરિવાર**

# સત્ય એ જ ધર્મ

કોઈ શાસ્ત્રીય સંગીતકારે કોઈક રાગ ગાવાનો હોય તો એ રાગની છાયા બંધાઈ જાય, રાગનું એક વાતાવરણ ઊભું  થઈ જાય તે માટે એ રાગનો આલાપ કરે છે, આરોહ-અવરોહ કરે છે ને એ રીતે રાગની એક ભૂમિકા ઊભી કરી દે છે. તે પછી જ એ રાગ ગાય છે.

એ રીતે મારો એક સ્વભાવ છે કે હું પણ કોઈ પણ જાતનું વક્તવ્ય શરૂ કરું તે પહેલાં સાત્ત્વિકતા-રૂડી ભાવનાનું વાતાવરણ ઊભું કરવા માટે થોડીક મિનિટો માટે પણ ભગવાનના નામનું સંકીર્તન કરું છું, કરાવું છે ને પછી જ વક્તવ્ય શરૂ કરું છું.

એ રીતે આજે પણ વક્તવ્ય શરૂ કરતાં પહેલાં ભગવાનનામ સંકીર્તનમાં મસ્ત બની જઈએ ને હૃદયને નિર્મળ બનાવનારી સાત્ત્વિકતાનું વાતાવરણ પેદા કરી દઈએ.

ઓમ મંગલમ્ ઓમ્કાર મંગલમ્<br>ઓમ મંગલમ્, ઓમ્કાર મંગલમ્

હું આપ સૌને મળવા માટે કેટલા દૂરથી, છેક વેરાવળથી, કેટલી ઝડપથી, કેટલી બધી ઉત્કૃષ્ટતાથી આવ્યો તે છતાં આપ સૌ નામ-સંકીર્તન તો બરાબર કરતા નથી?!

એક વાત સમજી લેજો ! હું તો માત્ર ‘સ્પીકર’ છું. મારી બેટરી તો આપ સૌ છો. આપ સૌનો ઉત્સાહ જેટલો હશે એટલો જ મારો પ્રતિભાવ હશે. માટે જ મારી અપીલ છે કે બે મિનિટ માટે પણ પૂરા ભાવથી નામ-સંકીર્તન કરો.

ઓમ્ મંગલમ્, ઓમ્કાર મંગલમ્<br>ઓમ મંગલમ્, ઓમકાર મંગલમ્<br>ગુરુ મંગલમ, ગુરુપાદ મંગલમ્

હવે ચાલો, તમામ ધર્મોના અંગ સ્વરૂપ-’સત્ય’ બાબતમાં થોડોક વિચારવિમર્શ કરીએ. તે પહેલાં મારે એક સ્પષ્ટતા કરવાની છે કે અહીં મારા માટે

એક ભાઈએ જે પરિચય આપ્યો છે તે તેમનો ભાવ છે. એમના ભાવને વંદન, કારણ કે 'भावोहि विद्यते देवो तस्मात् भावोहि कारणम्' હૃદયનો ભાવ જ ભગવાનનું સ્વરૂપ છે. બીજી રીતે કહીએ તો ભાવમાં જ ભગવાન બેઠો છે.

હું કોઈ સંત નથી. હું તો મારી જાતને સાધક માનું છું અને એટલે હું આપને ઉપદેશ આપવા માટે નહીં, પરંતુ આપ સૌ સાથે એક ચર્ચા કરવા આવ્યો છું.

રામચરિતમાનસમાં ગોસ્વામીજીએ સત્યને ખૂબ જ ઊંચું સ્થાન આપ્યું છે ને કહ્યું છે કે –

ધરમ ન દૂસર સત્ય સમાના ।

આ દુનિયામાં સત્ય સમાન બોજો કોઈ ધર્મ નથી.

અયોધ્યાકાંડમાં એક ચોપાઈ એવી આવે છે કે,

અસત્ય સમ નહીં પાતક દૂજા
ગિરિસમ હોઈ નહીં કોટિક દુજા

ચણોઠીનો ઢગલો ગમે એટલો કરીએ તો પણ એ ડુંગર ન થાય, હિમાલય ન થાય. એમ કહીને ગોસ્વામીજી એમ કહેવા માગે છે કે સત્ય સમાન બીજો કોઈ ધર્મ નથી.

એક સ્થળે વળી એમણે એમ પણ લખ્યું છે કે,

પરહિત સરિચ ધરમ નહીં ભાઈ,
પરપીડા સમ નહીં અધમાઈ

પારકાના હિત સમાન કોઈ ધર્મ નથી, પારકાને પીડા આપવા સમાન કોઈ અધમતા નથી.

આ રીતની ધર્મ અંગેની બે વાતો સાંભળી કોઈકે સંતને પૂછ્યું કે થોડી વાર પહેલાં તો તમે એમ કહ્યું કે સત્ય સમાન બીજો કોઈ ધર્મ નથી ને હવે પાછા તમે એમ કહો છો કે પરહિત સમાન કોઈ ધર્મ નથી તો આ બેમાંથી અમારે સાચું શું સમજવાનું?

સંત તુલસીદાસજી કહે છે કે આ બધાં ધર્મનાં અંગો છે. ભારતીય ઋષિઓએ ધર્મની વ્યાખ્યા કરતાં ધર્મનાં ચાર અંગો સમજાવ્યાં છે તે માત્ર હિન્દુ ધર્મનાં નથી પણ વૈશ્વિક ધર્મનાં છે.

આ વૈશ્વિક ધર્મનાં ચાર ચરણ છે : સત્ય, પવિત્રતા, તપ અને દયા.

એક મહત્ત્વની વાત એ છે કે ધર્મ અલગ અલગ હોઈ શકે નહીં, ધર્મ તો એક જ હોય. એને સમજવા માટેની વિચારધારાઓ જ અલગ અલગ હોઈ શકે.

હમણાં થોડા દિવસ પહેલાં હું બ્રિટનમાં હતો. ત્યાંના રેડિયોફોન પર મારો ઈન્ટરવ્યૂ હતો. ઈન્ટરવ્યૂ લેનારે મને પ્રશ્ન પૂછવા માંડ્યો : 'આ બધા ધર્મો...' મેં ત્યાં જ રોક્યા અને કહ્યું : 'અટકી જાઓ'-'વર્લ્ડ રિલિજિયન્સ' એ શબ્દ બરાબર નથી..'રિલિજિયન' શબ્દ એવો છે કે જેનું 'પ્યુરલ'-'બહુવચન' કરી ન શકાય- એ 'સિંગ્યુલર'- 'એકવચન' જ હોઈ શકે.

ધર્મ એક જ હોવા છતાં, એકવચન જ હોવા છતાં એનું બહુવચન કરવાનો- એને એકના બદલે અનેક કરવાનો પ્રયાસ કરાય એમાંથી જ ખતરનાક શક્યતાઓ પેદા થાય છે.

ઈતિહાસનાં પાનાં ફેરવીને જોશો તો આપને સ્પષ્ટ ખ્યાલ આવશે કે આ પૃથ્વી બીજાં યુદ્ધોના કારણે જેટલી લાલ નથી થઈ એટલી ધર્મના કારણે ખેલાતાં હુલ્લડો અને યુદ્ધોથી લાલ-લોહીભીની થઈ છે, કારણ કે ધર્મને સમજવાની વિચારધારામાં કંઈક ખામી છે. 'બડી ગલતી કર દી હૈ, હમને ધર્મ કો સમજને મેં.'

કેટલાકનું ધર્મનિષ્ઠપણું પથરામાં રોકાઈ ગયું છે તો કેટલાકનું ધર્મિષ્ઠપણું પડિયામાં અટવાઈ ગયું છે.

મોટા ભાગે તો નગારું, તગારું અને તાવડો એ ત્રણને જ ધર્મ તરીકે ઓળખવામાં આવે છે. આ નગારું એટલે આરતી કરી નગારું વગાડવું. તગારું એટલે મોટાં મોટાં મંદિરો, દેરાસરો વગેરે બાંધ્યા જ કરવાનાં ને તાવડો એટલે રોજેરોજ ચૂલા પર તાવડો ચઢાવી મહાપ્રસાદ બનાવતાં જ જવાનો, ઠાકોરજીનો ભોગ લગાવતાં રહેવાનું ને પછી એ ભોગ પોતાના પેટમાં પ્રસાદના રૂપમાં પધરાવતાં રહેવાનું.

મુશ્કેલી એ છે કે મારો અને તમારો ધર્મ આજે ઘેરથી નીકળીએ ત્યારે શરૂ થાય છે ને મંદિર કે દેરાસરે પહોંચીએ ત્યારે પૂરો થઈ જાય છે. હકીકતમાં તો ધર્મ મંદિર કે દેરાસરમાંથી શરૂ થઈ ઘરમાં આવીએ ત્યાં સુધી આપણે જ્યાં જઈએ, જ્યાં જ્યાં કામ કરીએ, જ્યાં જ્યાં બોલીએ-ચાલીએ, ત્યાં ત્યાં આપણી સાથે રહેવો જોઈએ ને ઘરમાં પહોંચીએ ત્યારે જ પૂરો થવો જોઈએ.

ધર્મના મર્મને સમજવો અતિજરૂરી છે.

એટલે જ ભારતના ઋષિઓએ જે ધર્મની વાત કરી છે તે વિશ્વધર્મ છે અને તેનાં ચાર અંગો છેઃ સત્ય, તપ, પવિત્રતા અને દયા.

એટલે વિશ્વના સૌ કોઈ માટે ધર્મ તો એક જ હોઈ શકે છે, જ્યારે એને સમજવા માટેની વિચારધારા અલગ અલગ હોય એ સંભવી શકે છે, પરંતુ એ વિચારધારામાં સત્ય, તપ, પવિત્રતા અને દયા નહીં હોય તો ખામી પુરવાર થશે, મુશ્કેલીઓ પેદા કરનાર નીવડશે ને ધર્મ અધર્મ બની જશે.

ભારતીય ધર્મશાસ્ત્રો ધર્મને નંદી સાથે ઓળખાવે છે. આ નંદી શિવજીનું વાહન છે અને એનાં ચાર ચરણ છે : સત્ય, તપ, પવિત્રતા અને દયા.

અહીં શિવજીનો બીજો કોઈ અર્થ કરવાની જરૂર નથી. શિવ એટલે વિશ્વાસ. શિવજી નંદી પર બિરાજે એનો અર્થ એ કે ધર્મ ઉપર વિશ્વાસનું આસન હોવું જોઈએ.

ભારતીય ધર્મશાસ્ત્રો કહે છે કે તમે ધર્મ પર વિશ્વાસ રાખો. ધર્મ તમારું રક્ષણ કરશે, તમારું કલ્યાણ કરશે, તમને માનવ બનાવશે.

આહાર, નિદ્રા, ભય અને મૈથુન-આ ચાર તત્ત્વો પ્રાણીમાત્રમાં સામાન્ય રીતે પ્રવર્તે છે, પરંતુ ધર્મ તત્ત્વના પાલનથી જ માનવ, માનવ બને છે.

એટલે ભારતીય ધર્મશાસ્ત્રોના ઉલ્લેખ પ્રમાણે નંદી પર શિવજીનું બિરાજવું એનો અર્થ એ છે કે ધર્મ પર પૂર્ણ વિશ્વાસ રાખવો. ધર્મ પર પૂર્ણ વિશ્વાસ રાખનારનું ધર્મ જ રક્ષણ કરે છે ને કલ્યાણ પણ કરે છે.

સત્ય, તપ, પવિત્રતા અને દયા એ પ્રકારનાં ધર્મનાં ચાર ચરણ ઉપરથી તો આપણા ચાર યુગોનાં નામ પડ્યાં છે.

જે યુગમાં ધર્મ ચાર ચરણ ઉપર બરાબર ઊભો રહ્યો એ યુગને સતયુગ કહ્યો, સત્યનું ચરણ કપાઈ ગયા પછી જે યુગમાં ત્રણ ચરણ ઉપર ઊભો રહ્યો એ યુગને ત્રેતાયુગ કહ્યો. સત્ય અને તપનાં બે ચરણ કપાઈ ગયા પછી માત્ર બે પર ધર્મ ઊભો રહ્યો રહ્યો એ યુગને દ્વાપરયુગ કહ્યો ને સત્ય, તપ અને પવિત્રતાનાં ત્રણ ચરણ કપાઈ ગયા પછી માત્ર એક ચરણ પર ઊભો રહ્યો એ યુગને કલિયુગ કહ્યો. આજના કલિયુગમાં સત્ય, તપ અને પવિત્રતાનાં ત્રણ ચરણ કપાઈ ગયાં છે ને માત્ર દયાના ચરણ ઉપર જ ધર્મ ઊભો છે.

પરંતુ આપણે આપણા ધર્મને કેવળ એક જ ચરણવાળો-કેવળ ‘દયા’ ઉપર જ જીવનારો નથી રાખવો. આપણે તો એને ચાર ચરણવાળો બનાવવો છે ને એનો એકમાત્ર ઉપાય છે સત્યનો આશ્રય કરવો. તમારા ધર્મ સામે તમે સત્યના ચરણને-સત્યમય આચરણને જોડી દો એટલે તપ અને પવિત્રતનાં ચરણ પણ આપમેળે જોડાઈ જશે ને પછી દુનિયામાં ભલે કલિયુગ ચાલતો હોય, તમારા ઘર અને જીવનમાં સતયુગ જ વ્યાપતો હશે.

સત્ય તો શાશ્વત તત્ત્વ છે, ‘सत्य ही परमात्मा’ સત્ય જ સાચું પરમાત્મ તત્ત્વ છે. સત્ય વિના પરમાત્મતત્ત્વ સંભવી શકતું નથી.

હિન્દુઓ-વૈષ્ણવો સત્યનારાયણની કથા કરતા-કરાવતા હોય છે. આ બહુ સરસ વસ્તુ છે. સત્ય એ જ નારાયણ એવો પૂર્ણ વિશ્વાસ એટલે સત્યનારાયણ.

સત્યનારાયણનું વ્રત કરવાનું એટલે જીવનમાં સત્યનું જ આચરણ કરવાનો સંકલ્પ લેવાનો.

સત્ય શાશ્વત તત્ત્વ છે, જે બધા યુગોમાં છે.

સત્ય એ પરમાત્મા છે ને એનું વ્રત સત્યમય જીવનનો સંકલ્પ એ જ પરમાત્માની સાચી પૂજા છે.

સત્યનારાયણ ભગવાનની પૂજા પુષ્પથી, અક્ષતથી, કેસરથી કરીએ તે સારી વાત છે, પરંતુ જીવનમાં સત્યનું આચરણ કરીએ તે જ સત્યનારાયણની સાચી પૂજા છે, સૌથી મોટી પૂજા છે, કારણ પરમાત્મા સત્ય સ્વરૂપ છે.

ભારતના મહર્ષિ વેદવ્યાસે શ્રીમદ્ ભાગવતનો પ્રારંભ 'सत्यम् परम धीमहि'થી કર્યો ને પૂર્ણાહુતિ પણ'सत्यम् परम धीमिह' થી કરી. આમ કરીને મહર્ષિ વેદવ્યાસે એમ સૂચવ્યું કે શ્રીમદ્ ભાગવત પર સત્યની પૂજા કરનારો અને જીવનના પ્રારંભથી લઈને અંત સુધી સત્યના જ પાલનની પ્રેરણા આપનારો ધર્મગ્રંથ છે.

આમ, ઉપક્રમ અને ઉપસંહાર બંને વખતે 'सत्यम् परम धीमहि'ના ઉદ્ગાર વ્યક્ત કરીને મહર્ષિ વેદવ્યાસે 'સત્ય એ જ પરમાત્મા છે' એમ પૂરી દઢતાથી સમર્થન કર્યું છે.

આપણી ઋષિ પરંપરાની માન્યતા પ્રમાણે હું અને તમે ઈશ્વરના જ અંશ છીએ તો આ ઈશ્વર સત્યમય આચરણ વડે જીવનમાં પ્રત્યેક પળે વ્યક્ત થયા કરે એની કાળજી આપણે રાખવી જોઈએ.

મને ગીતાપાઠ કરતાં બહુ આનંદ આવે છે. એનું કારણ એ છે કે સાતસો શ્લોકોની 'ગીતા'માં આપણા ઋષિઓની ઉદાર વિચારધારાનાં પાવન દર્શન થાય છે. આ સાતસો શ્લોકોની ગીતાનાં પાનાં ફેરવીને જોઈશું તો એમાં એક પણ વખત 'હિન્દુ' શબ્દ લખેલો જોવા નહીં મળે. એનો અર્થ એવો કે ગીતા જેવો ધર્મગ્રંથ એકલા હિન્દુઓ માટે જ હોય એમ નથી. એ તો આખા વિશ્વના માનવમાત્ર માટેનો ગ્રંથ છે.

આ ગ્રંથ સૌના માટેનો ગ્રંથ છે. એથી તો એને સાથે મૂકીને મહાત્મા હેનરી નાચતો હતો. એ નાનકડી પુસ્તિકાને કાયમ પોતાના ખિસ્સામાં, પોતાની સાથે રાખતો હતો.

કોઈકે પૂછ્યું કે' આમાં એવું તો શું છે કે તમે આને ખિસ્સામાં રાખી મૂકો છો ?' તો એ જવાબ આપતો કે 'વિશ્વની એવી કોઈ સમસ્યા નથી કે જેનું સમાધાન મને આની અંદરથી મળતું ન હોય !'

ભલે પ્રાચીનકાળની હોય કે પછી અર્વાચીન કાળની હોય, તમામ સમસ્યાઓનાં સમાધાન ગીતામાં ભરેલાં પડ્યાં છે એવો પૂર્ણ વિશ્વાસ આપણામાં જાગવાની જરૂર છે.

વ્યક્તિને જોઈએ શાંતિ અને સમાજને જોઈએ ક્રાંતિ. એ બેઉ પૂરાં પાડવાની ક્ષમતા આપણા ધર્મગ્રંથોમાં-પછી ભલે એ વૈષ્ણવ ધર્મગ્રંથ હોય કે પછી જૈન ધર્મગ્રંથ હોય-ભરેલી પડી છે. શરત માત્ર એટલી જ છે કે એ કહે તેમ ચાલવાનફી મારી અને તમારી પૂર્ણ નિષ્ઠાપૂર્વકની તૈયારી હોવી જોઈએ.

સત્ય તો શાશ્વત છે. એ કદી મરતું નથી. આપણે સૌએ પરમ સત્ય પરમાત્માના અંશ છીએ અને તેના કારણે હું અને તમે ગમે એટલું ખોટું બોલતા હોઈએ તો પણ સત્યના જ પૂજારી છીએ.

આપણે બીજાની આગળ ભલે ગમે એટલું ખોટું બોલતાં હોઈએ, પરંતુ કોઈ આપણી આગળ ખોટું બોલે તો તે આપણને નહીં ગમે. એનો અર્થ શો થયો ? એનો અર્થ એ થયો કે આપણા માટે તો સત્યને જ ચાહીએ છીએ, સત્યની જ ઝંખના સેવીએ છીએ.

તો પછી ધર્મની વિચારધારા ક્યાંથી શરૂ થાય છે ?

'બીજો મને અસત્ય કહે  તો મને નથી ગમતું એ રીતે મારે પણ બીજાને અસત્ય કહેવું ન જોઈએ' એમાંથી જ ધર્મની વિચારધારાનો આરંભ થાય છે.

આ સાત્ત્વિક કલ્યાણ કરનારી વિચારધારા છે. આપણે સત્યના જ પૂજારી છીએ, કારણ કે આપણે સત્યના જ અંશ છીએ અને અંશને અંશી માટે અનુરાગ હોય એ સાવ સ્વાભાવિક  છે. પરમાત્મા અંશી છે, જીવ એનો અંશ છે. પરમાત્મા પરમ સત્ય છે, જીવ એ પરમ સત્યનો અંશ છે એ રીતે આપણે સૌ સત્યના જ અંશ છીએ, સત્યના જ પૂજારી છીએ.

સૌને પોતાની સાથે સત્યમય આચરણ જ થાય, પોતાની સાથેના વ્યવહારમા નીતિ જળવાય એવી ઝંખના હોય છે. ભલે ને પછી એ ગમે એટલું અસત્ય બોલનારો કે અનીતિ આચરનારો કેમ ન હોય ?

એક બહેન શાકમાર્કેટમાં શાકભાજી લેવા ગયાં. શાકભાજી લઈને ઘેર આવ્યાં, થેલી ફગાવી દીધી, થાકીને બેસી પડ્યાં, સાડલાના છેડે પરસેવો લૂંછતાં-લૂંછતાં છાપું વાંચતા પતિદેવને કહ્યું : 'જગતમાં ક્યાંય નીતિ જેવું રહ્યું નથી.' પતિએ છાપામાંથી માથું ઊંચું કરીને પૂછ્યું : 'કેમ, શું થયું ?' તો કહે, 'જુઓને, શાકવાળી પાસે કિલો રીંગણાં લીધાં, એના અઢી રૂપિયા થાય. મેં એને ત્રણ રૂપિયા આપ્યા. એણે મને આઠ આના પાછા આપ્યા પણ એ આઠ આના પાછા આવ્યા એમાં બે દસ પૈસા એક પાંચીયું ને એક પાવલી. બે દસીયા વચ્ચે ખોટી પાવલી એણે એવી દબાવીને આપી કે મને ખબરેય ન પડી, બનાવી ગઈ.' આવી અનીતિ માણસો વાપરે છે !

આ સાંભળીને પતિ ચશ્માં ચઢાવીને પણ છાપું વાંચવા લાગ્યા. પછી કહે : 'ઓહો, આટલી જ વાત છે? મને તો એમ કે શું-નું-શું થઈ ગયું હશે. પાવલીની જ વાત છે ને ? મને આપી દેજે. હું કાલે દેરાસર જવાનો છું, ત્યાં નાખી દઈશ !

મોટી મુશ્કેલી આ છે.

ઘણા લોકો આરતી થાય પછી નાખવા માટે ખોટી પાવલીને ખાસ સાચવી રાખતા હોય છે !

ખોટી પાવલી પધરાવીને માણસ સીધો આરતી લઈને જતો રહેતો હોય તો તો હજુ પણ વાંધો નથી પણ એ તો પાછો ખોટી પાવલીની સામે આરતીમાંથી સાચા પંદર પૈસા લઈ લે છે !!

એક તો આરતીના બહાને ખોટી પાવલી ચલાવવા આવે, પંદર પૈસા પાછા લઈ જઈ ખોટી પાવલી ફગાવે ને પછી 'તું મારા એકોતેર કુળ તારજે' એમ કહી ભગવાનને માથું નમાવે છે !!!

વાહ પ્રભુ, તારો બનાવેલો માનવ તને કેવો બનાવી રહ્યો છે ?! આજનો માનવ મંદિર પણ વેચશે, મસ્જિદ પણ વચશે, બાકી કંઈ ન રાખશે ને ભૂલેચૂકે જો તું હાથ લાગ્યો તો તને પણ વેચી નાખશે. સાવધાન પ્રભુ, તારો બનાવેલો માનવ આજે ખતરનાક વ્યાપારી બની ચૂક્યો છે.

આવા ખતરનાક માનવના રૂપમાં પતિએ પત્નીને કહ્યું કે ખોટી પાવલીની ચિંતા તું શું કામ કરે છે? મને આપી દેજે. હું મંદિર-દેરાસરમાં જઈશ એટલે એનો નિકાલ કરી નાખીશ. ખોટી પાવલીમાં એવું તે શું બગડી ગયું છે કે તું મોટી બૂમાબૂમ કરવા લાગી ગઈ છે કે જગતમાં ક્યાંય નીતિ જેવું રહ્યું નથી?!

ત્યારે પત્નીએ કહ્યું : 'હા, જાણે તમે મોટા કર્ણ દાનેશ્વરી ને મોટા કુબેરભંડારી એટલે પાવલીને આરતીમાં નાખી દો પણ પાવલી કાંઈ મફત થોડી આવે છે ? એના માટે તો પરસેવો પાડવો પડે છે અને તમારે મારી પાવલીની કાંઈ ચિંતા કરવાની જરૂર નથી. એનો રસ્તો કાઢતાં મને આવડે છે. એ તો પછી હું કોથમીર વેચનારા પાસે ગઈ. બહુ કોથમીર લેવાની જરૂર નહોતી છતાં આઠ આનાની કોથમીર લીધી અને મેં પણ બે દસકાની વચ્ચે મૂકીને પેલી ખોટી પાવલી આપી દીધી !! પેલાને ખબર પણ ન પડી ને એ લઈ ગયો. કહો, હું કેવી ડાહી?!

જોયું ? પેલી શાકવાળીએ આ બહેનને ખોટી પાવલી આપી ત્યારે જગતમાં અનીતિ, ભ્રષ્ટાચાર અને અધર્મ વ્યાપી ગયાં છે એવી બૂમ પાડી ને પછી પોતે પેલા કોથમીરવાળાને ખોટી પાવલી પધરાવી દીધી એને પોતાની હોશિયારી ગણાવી ! માણસોનાં મૂલ્યાંકન કેવાં?

પોતાના માટે તો સૌનો નીતિમય વ્યવહાર જ જોઈએ. પોતાની સાથે તો સૌ સત્યમય આચરણ કરે એમ જ જોઈએ, કારણ કબે સત્ય અને નીતિ માનવમાત્રની પૂરી ઝંખના છે, કારણ કે માનવમાત્ર પરમ સત્યનો એક અંશ છે અને એટલે એનું સ્વાભાવિક વલણ સત્ય અને નીતિની ઝંખના માટેનું છે જ છે.

ચોર લોકો ચોરી કરે છે, ધાડપાડુ ધાડ પાડે છે, ખિસ્સાકાતરુ ખિસ્સાં કાતરે છે ને પછી જ્યારે ખાનગી સ્થળે ભેગાં થાય છે ત્યારે સૌએ કેટકેટલી ચોરી કરી, લૂંટ ચલાવી, ખિસ્સાં કાપ્યાં એનો હિસાબ આપી યોગ્ય રીતે વહેંચી લે છે. આમ, અનીતિથી કમાયેલા ધનની વહેંચણી એ નીતિપૂર્વક અંદરોઅંદર ઝઘડો ન થાય એનું ધ્યાન રાખીને વહેંચી લેતા હોય છે.

વાહ, અનીતિની કમાણી ને નીતિથી વહેંચણી !! સૌને પોતાના માટેનો નીતિભર્યો વ્યવહાર જ જોઈએ છે?

ચોર, ડાકુ ને ખિસ્સાકાતરુ સમાજ સાથે ભલે અનીતિ આચરતા હોય, પરંતુ પોતાના માટે તો નીતિ જ જોઈએ છે. કોઈ પોતાના પ્રત્યે અનીતિ આચરે કે પોતાને છેતરે એ એમને જરા પણ ગમતું નથી.

ધર્મમય વિચારધારા અહીં પોતાને પ્રશ્ન કરે છે કે બીજાઓ મારી સાથે અનીતિ કરે, મને છતરે તો મને નથી ગમતું તો પછી મારાથી કોઈની સાથે અનીતિ શી રીતે કરી શકાય? કોઈ ને મારે શા માટે છેતરવો જોઈએ.

આ વિચારધારાથી સાત્ત્વિક જીવનની, દિવ્ય જીવનની, ધર્મમય જીવનની શરૂઆત થાય છે.

સૌ જાણે છે કે સત્ય પરમ પરમાત્મા છે-'सत्यम् परम धीमहि' છતાં સૌ બીજાની સાથેના વ્યવહારમાં અસત્યનું આચરણ જ સવિશેષપણ કે છે એ જ મોટી મુશ્કેલી છે. આપણે એ વાતનો વિચાર અને સ્વીકાર કરવો જ જોઈએ કે બીજાઓ સાથે સત્યમય વ્યવહાર કરે એમ હું ઈચ્છતો હોઉં તો મારાથી બીજાની સાથે અસત્યમય વ્યવહાર શી રીતે કરી શકાય?

આવી ધર્મમય વિચારધારા આપણા મન-હૃદયમાં સતત ઘૂંટાતી રહેવી જોઈએ કે જેથી આપણું જીવન પણ ધર્મમય બની રહે.

રામાયણમાં એક પ્રસંગ આવે છે કે ભવાનીને શિવજીએ કહ્યું કે તમે ભલે રામની પરીક્ષા કરો, પરંતુ વિવેકપૂર્વક વિચાર કરીને કરજો 'करी सो जतन विवेक विचारी' આટલી શિખામણ આપી હોવા છતાં રામની પરીક્ષા કરવામાં ભવાની વિવેક વીસરી ગયા ને ભગવતી સીતાનું રૂપ લઈ રામની પરીક્ષા કરી.

આટલો વિવેક તો એ ચૂક્યાં જ સાથે-સાથે 'કઈ રીતે પરીક્ષા કરી ?' એમ શિવજીએ પૂછ્યું ત્યારે પોતાના પતિ સમક્ષ ભૂલ કબૂલ કરીને સાચું કહી દેવાનો વિવેક પણ ચૂકી ગયાં ને જૂઠું બોલતાં કહ્યું :

कछु न परीक्षा लीन्ह गुसाइ
कीन्ह प्रणाम तुम्हारी ही नाइ

'મેં કશી પરીક્ષા લીધી નથી. તમારી જેમ જ રામ-પરમાત્માને પ્રણામ કર્યા.

ફરક માત્ર એટલો જ કે તમે જરા દૂરથી પ્રણામ કર્યા ને મેં જરા નજીક જઈને પ્રણામ કર્યા !

શિવજી સમજી ગયા કે સતી જૂઠું બો છે એટલે એમણે કહ્યું : ભવાની, ભલે તમે જઈને પ્રભુને પ્રણામ કર્યા હોય, પરંતુ તમે પરમાત્માથી ઘણાં દૂર થઈ ગયાં છે ને ભલે મેં દૂરથી પ્રણામ કર્યા હોય, પરંતુ હું પરમાત્માની બહુ નજીક છું.

સત્યના ઉપાસક શિવજીએ સતીને જે થયું હોય તે સાચેસાચું કહેવાનું કહ્યું, છતાં સતી જૂઠું બોલ્યાં એટલે વ્યથિત થઈને એમણે અસત્યનો સંગ છોડી દેવાના સંકલ્પ સાથે નિર્ણય કર્યો : 'સતીએ મારી માતા સમાં સીતાનું રૂપ લીધું એટલે હવે એ પણ મારી માતા સમાન ગણાય. હવે હું મારી માતાનું રૂપ લેનાર સતી સાથે ગૃહસ્થાશ્રમ ભોગવું તો મારી ભક્તિ લાજે' એટલે એમણે અસત્ય આચરનાર સતીને ત્યજી દીધાં.

આવી જ વાત ભક્ત જલારામના જીવનમાં પણ બની હતી. એમને ત્યાં પરીક્ષા કરવા સાધુના વેશમાં આવેલા ભગવાને ભક્તનાં પત્ની મા વીરબાઈની માગણી કરી ને ભક્ત જલારામે ઘડીનોય વિલંબ કર્યા વિના પત્ની સોંપી દીધાં...પછી ભગવાન તો ઝોળી-ઝંડો આપીને અંતર્ધાન થઈ ગયા ને મા વીરબાઈ એ ઝોળી-ઝંડો લઈને ભક્ત પાસે પાછાં આવ્યાં ત્યારે જલારામે નિર્ણય કરી લીધો કે મારી પત્ની એક વાર ઈશ્વરને અર્પણ થઈ ગઈ પછી એની સાથે હું સંસાર ભોગવું તો મારો ધર્મ લાજે, મારી ભક્તિ લાજે એટલે એમણે માત્ર એક જ દીકરી હોવા છતાં પત્ની સાથેના ગૃહસ્થાશ્રમનો અંત આણ્યો ને આજે એ દીકરીના દીકરાઓનો વંશ ભક્ત જલારામની ગાદી સંભાળી રહ્યા છે.

એટલે ભક્તિની આ સત્યનિષ્ઠા હોય છે, જે ગમે તેવી અઘરી પરીક્ષામાં પણ પાસ થઈ જતી હોય છે.

સતી શિવજી પાસે જૂઠું બોલ્યાં ને શિવજીએ સતીના ત્યાગ માટે મનથી પ્રતિજ્ઞા કરી લીધી કે જ્યાં સુધી સતીનું આ શરીર છે ત્યાં સુધી સતી મારા માટે ત્યાજ્ય છે, પરંતુ તમે જુઓ કે પોતે લીધેલ ભીષણ સંકલ્પની જાહેરાત એમણે પોતે નથી કરી. મનમાં ને મનમાં નિર્ણય કર્યો છે, કારણ કે એ શીલયુક્ત સત્યના આગ્રહી હતા,

પરંતુ ઈશ્વર તો બધું જાણતા હતા એટલે આ મહાન સંકલ્પને બિરદાવતી આકાશવાણી ઉચ્ચારાવા લાગી : 'ધન્ય હો શિવ, આપના વિના આવી ભીષણ પ્રતિજ્ઞા બીજું કોણ કરી શકે ?'

જુઓ, સતી પોતાના સ્વામી પૂછે છે કે જે બન્યું હોય તે સાચે સાચું કહો ત્યારે સાચું બોલતાં નથી ને જૂઠી વાતો કરે છે, પરંતુ હવે અત્યારે શિવજી પાસેથી સત્ય જાણવાની અપેક્ષા રાખે છે !!

એટલે સૌ સત્યને જ ચાહે છે એટલે સૌએ સત્યવ્રતના પાલનનો આગ્રહ રાખવો જોઈએ.

અને મનથી નિર્ણય કર્યો હોય તો સત્યનું પાલન કરવું અતિકઠિન કે અશક્ય નથી. મનથી નિર્ણય કર્યો હોય તો સત્યનું પાલન જરૂરથી થઈ શકે છે અને સત્યના પાલન સમાન બીજો કોઈ ધર્મ પણ નથી, પરંતુ આપણે બીજા પાસે સત્યનો આગ્રહ રાખવો છે ને જાતે સત્યના માર્ગે ચાલવું નથી. બીજા બધા નીતિ-સત્યના માર્ગે ચાલે એવી ઇચ્છા રાખવી છે ને આપણે અવસર આવે ત્યારે આપણે ગમે તેમ વર્તવું છે !!

આ વાત ખોટી છે. સત્ય તેમજ નીતિના આચરણ તેમજ ચાલનનું વ્રત આપણે જ પૂરી નિષ્ઠાપૂર્વક પાળવું જોઈએ ને પછી જ બીજા પાસે તે માટેનો આગ્રહ રાખવો જોઈએ.

હજુ હમણાં જ હું વેરાવળમાં રામરાજ્યની ચર્ચા કરતો હતો. રામરાજ્ય આવે એવું તો સૌ કોઈ ઇચ્છે છે, પરંતુ બધાં ગાંધીનગર અને દિલ્હીમાં રામરાજ્ય શરૂ થાય એવી વાત કરે છે. પોતાના ઘરમાં, પોતાના પરિવારમાં અને એથી આગળ વધીને પોતાના વ્યક્તિગત જીવનમાં રામનું સામ્રાજ્ય વ્યાપે એ માટેની તૈયારી કોઈની નથી !

ખરી રીતે તો રામનું રાજ્ય સૌ કોઈના વ્યક્તિગત જીવનમાં પહેલું આવવું જોઈએ. પોતાના ઘરમાં અને પરિવારમાં રામનું રાજ્ય આવવું જોઈએ, પોતાના સમાજમાં રામનું રાજ્ય લાવવું જોઈએ. આ દિશામાં આગળ વધી શકાશે તો બધાના સમૂહના રૂપમાં ગાંધીનગર તેમજ દિલ્હીમાં પણ રામરાજ્ય લાવી શકાશે.

પરંતુ  આપણે રામરાજ્યની કેવળ વાતો કરવી છે. આપણા વ્યક્તિગત જીવનમાં કે ઘરમાં રામરાજ્ય પ્રવર્તે એવો કશો પ્રયત્ન કરવો નથી ને ઈચ્છા એવી રાખવી છે કે ગાંધીનગરમાં તેમજ દિલ્હીમાં બેઠેલાઓ રામરાજ્ય લાવી દે ને એ સહેજ  પણ શક્ય નથી. કોઈ પણ શુભ કાર્યની શરૂઆત સૌથી પહેલી આપણાથી જ થવી જોઈએ.

દરેક વ્યક્તિનું જીવન એક-એક અયોધ્યા છે. એમાં રામરાજ્ય સ્થપાવું જોઈએ. પ્રત્યેક વ્યક્તિના હૃદય-સિંહાસન પર ભગવાન શ્રીરામ કે જે પરમ સત્યનો અવતાર છે તેમનું સ્થાન હોવું જોઈએ. એ જ રીતે પ્રત્યેક વ્યક્તિના હૃદય-સિંહાસન પર ભગવાન મહાવીરનું સ્થાન હોવું જોઈએ. આવું તીર્થંકર જેવું જીવન જેનું હોય એ જ સાચો સંત કહેવાય.

સંત શબ્દ સત્ પરથી-સત્ય પરથી જ બન્યો છે. માથે ખાલી મીડું લાગી ગયું છે. જેની વાણીમાં, વ્યવહારમાં, વિચારમાં સત્ય છે એનું નામ સંત છે. જે સત્યનું પાલન કરે છે એ સંત છે.

જેનાં વિચાર, વાણી અને વર્તનમા ઐક્ય છે તે મહાત્મા છે અને જેનાં વિચાર, વાણી અને વર્તન જુદાં છે તે દુરાત્મા છે.

આપણાં વિચાર, વાણી અને વર્તન જુદાં જુદાં હોવાના કારણે જ આપણી ઉન્નતિ થતી નથી.

આપણે વિચારીએ કંઈ જુદું, બોલીએ કંઈ જુદું ને વર્તીએ તો એનાથી પણ જુદું !!

જીવનના જાણે ત્રણ ટુકડા જ થઈ ગયા છે અને કોઈ દરજીના દીકરાએ સોય-દોરો લઈને એ ત્રણેય ટુકડાને ભેગા કરીને  સાધી દીધા હોય એમ આપણે જીવીએ છીએ. આવું સત્ય વિનાનું જીવન તે કંઈ જીવન છે ?

જીવન અયોધ્યામાં-હૃદયના સિંહાસન પર જો શ્રીરામને રાજા કરીને બેસાડવા હોય તો પહેલાં દશરથ રાજાનું રાજ્ય તો સ્થાપવું પડશે ને ?

આ દશરથજી એટલે વેદ અને દશરથનાં ત્રણ પત્ની એટલે વેદના ત્રણ કાંડ-ક્રિયા, ઉપાસના અને જ્ઞાન.

પહેલાં વેદ અને ધર્મનું રાજ્ય આપણા જીવનમાં થાય તે પછી જ રામનું રાજ્ય સ્થાપી શકાય.

પહેલાં વેદ અને ધર્મ કહે તે પ્રમાણે જીવતા થઈએ ને પછી રામનું રાજ્ય તુરતાતુરત તો નહીં જ સ્થપાય. એ પહેલાં ૧૪ વર્ષનો ગાળો એવો જશે કે જેમાં કોઈ શાસક પણ નહીં હોય ને કોઈ શાસિત પણ નહીં હોય છતાં એ બધું બરાબર ચાલતું હશે.

અયોધ્યામાં મહારાજા દશરથજીના મૃત્યુ પછી રામજી વનમાં છે, મહારાજા દશરથજી સ્વર્ગમાં છે ને અયોધ્યાના રાજસિંહાસન પર માત્ર પ્રભુની પાદુકા છે. આમ, કોઈ શાસક નથી ને કોઈ શાસિત નથી, છતાં બધું બરાબર ચાલ્યું છે.

આનો અર્થ એ છે કે આ ૧૪ વર્ષનો ગાળો સ્વ-અનુશાસનનો ગાળો છે. તે કોઈક ભયના લીધે નીતિના નીતિના કે સત્યના માર્ગ પર ચાલતો હોય તો શરૂઆતમાં તો બરાબર છે. આપણા ઋષિઓએ ધર્મની અંદર જ બધા કાયદા-કાનૂન લખ્યા છે કે ‘ખોટું બોલીએ તો આવું પાપ લાગે  જેને ભોગવવું પડે, અનીતિ કરીએ તો ખાડામાં પડીએ..’ વગેરે ભય દર્શાવાયો છે કે જેના કારણે માણસ ભયને લક્ષમાં રાખીને ધર્મના માર્ગે, સત્યના માર્ગે, નીતિના માર્ગે ચાલતો થાય.

આજની તકલીફ એ છે કે માણસ અને સમાજ વધુ પડતો નિર્ભય થઈ ગયો છે. બીજી બધી બાબતોમાં એ નિર્ભય થઈ જાય એ તો સારી વાત છે, પરંતુ એ તો ઈશ્વરનો ભય નથી રાખતો, ધર્મનો ભય નથી રાખતો અને ફાવે તેમ વિચારે છે. બોલે છે ને  વર્તે છે. પોતે જાણતો હોય કે ‘આ હું ખોટું બોલું છું, ખોટું કરું છું,’ છતાં એ અટકતો નથી, કારણ ખોટું બોલવા કે કરવા પછીના પરિણામ બાબતમાં એને કશો ભય નથી.

આવી પરિસ્થિતિમાં માનવી માટે ભય, અનિવાર્ય અને આવશ્યક છે. માણસને પહેલાં ભય હતો કે ઉપરવાળો જુએ છે એટલે મારાથી આમ ન કરાય અને એટલે ખોટું કરતાં અનીતિના માર્ગે ડગ ભરતાં પાછો  પડતો હતો ને નીતિના માર્ગે જ ચાલતો હતો.

સુગ્રીવ ભોગવિલાસમાં પડી જઈને રામના કામને ભૂલી ગયો ત્યારે રામજીએ લક્ષ્મણજીને કહ્યું હતું કે, 'જા, તું એને ભય દેખાડીને લઈ આવ' ને એ પ્રયોગ પૂરો સફળ થયો હતો.

માણસ ભયથી પણ ભગવાનનાં ચરણોમાં પહોંચતો હોય તો સારી વાત છે. એક વાર એ ભગવાનનાં ચરણોમાં પહોંચી ગયો પછી તો એવો ભાવ જાગશે કે પેલો ભય આપોઆપ ભાગી જશે. પછી તો એ ભગવાનનું ભજન ભીતિથી નહીં પણ પ્રીતિથી કરતો થઈ જશે.

બસ, આ રીતે ભગવાનનું ભજન ભીતિના બદલે પ્રીતિથી થવા માંડે એનું જ નામ સ્વ-અનુશાસન, એનું જ નામ અયોધ્યાના રાજસિંહાસન પર પ્રભુની પાદુકાનું શાસન.

વર્ગશિક્ષકની હાજરીમાં વિદ્યાર્થીઓ શિસ્ત્ પાળે એ એક વાત છે અને વર્ગશિક્ષકની ગેરહાજરીમાં પણ વિદ્યાર્થીઓ શિસ્તબદ્ધ રહી પોતાનું લેસન કરતા હોય તો શાળામાં શિસ્તનું ધોરણ જરૂરથી ઊંચું ગણી શકાય.

કોઈ ભયના કારણે, દંડના કારણે નીતિના માર્ગે ચાલ, સત્યના માર્ગે ચાલે એ વેદનું રાજ્ય, મહારાજા દશરથનું રાજ્ય ગણાય અને પછી કોઈ ભયના કારણે નહીં પણ સ્વાભાવિક રીતે જ નીતિ અને સત્યના માર્ગે ચાલે તે પ્રભુની પાદુકાનું શાસન ગણાય.

આપણા જીવનમાં વેદના કારણે, શાસ્ત્રોની આજ્ઞાના કારણે સત્ય અને નીતિના માર્ગે ચાલવાનું વલણ આવી ગયા પછી અને એ રીતે જ જીવનની ગતિ ચાલતી રહ્યા પછી ધીમે ધીમે એવી ક્ષમતા, એવી યોગ્યતા, એવી ભૂમિકા આવી જશે કે જેમાં પાપનો પાપની સજાનો કોઈ ડર ડરાવતો નહીં હોય છતાં આપણે સત્યના માર્ગે ચાલતા હોઈશું, નીતિના માર્ગે ચાલતા હોઈશું , ધર્મના માર્ગે ચાલતા હોઈશું, કારણ એ વખતે આપણું પ્રેરક બળ પાપની સજા નહીં હોય પણ પ્રભુની ભક્તિ હશે, પ્રભુનો પ્રેમ હશે.

આવું ૧૪ વર્ષનું સ્વ-અનુશાસન પ્રભુની પાદુકાનું શાસન બરાબર ચાલશે એટલે રામ જાતે આવીને આપણા હૃદય-સિંહાસન પર બિરાજશે ને પ્રેમનું શાસન ચલાવશે.

આ ૧૪ વર્ષે એટલે પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો અને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારરૂપી ચાર અંતઃકરણો. આ પ્રમાણે ૧૪નો સરવાળો થયો. આ ૧૪ પર પ્રભુની પાદુકાનું, પ્રભુની શરણાગતિના હૃદયભાવનું શાસન ચાલે એટલે ભગવાન રામ જાતે જ હૃદય-સિંહાસન પર બિરાજવા માટે પધારે ને રામનું રાજ્ય પ્રવર્તે.

રામરાજ્યની સૌથી મોટી શરત એ છે કે એમાં શાસક સત્તા પાસે નથી જતા પણ સત્તા શાસક પાસે જાય છે ને છતાં ૧૪ વર્ષ સુધી સત્તા સ્વીકારવાની શાસકના પાડે છે.

આ વાત ભરતજીએ બહુ સ્પષ્ટ કરીને કહી છે કે મારા પિતા દશરથજીએ રામરાજ્યનો સંકલ્પ તો કર્યો, પરંતુ એમની વિચારધારા ખોટી હતી કે રામ રાજગાદી પાસે જાય અને પછી એમને રામરાજ્યનું તિલક કરાય. આ ખોટી વિચારધારાના લીધે જ રામરાજ્ય થઈ શક્યું નથી. રામરાજ્ય તો ત્યારે જ થઈ શકે કે જ્યારે રાજગાદી સ્વયં રામની પાસે જાય.

શાસક સત્તા પાસે જાય એનો અર્થ એ થયો કે શાસકને સત્તાની લાલચ છે, પરંતુ સત્તા સ્વયં શાસક પાસે જાય ને શાસક પાસે યાચના કરે કે કૃપા કરીને મારો સ્વીકાર કરો તો તેમાં શાસકનું ગૌરવ છે. આવા શાસકો હોય તો રામરાજ્ય સ્થાપી શકાય.

રામરાજ્યની શરૂઆત વૈયક્તિક જીવનથી થવી જોઈએ. એક વખત વૈયક્તિક જીવનથી શરૂઆત થાય પછી એ વૈશ્વિક સુધી અવશ્ય પહોંચશે, કારણ વ્યક્તિઓના સમૂહથી જ સમાજ બને છે ને?

પરંતુ આપણા બધાની મુશ્કેલી એ છે કે આપણે પોતે સત્તાના માર્ગે ચાલવું નથી. નીતિનું પાલન કરવું નથી ને સત્યની પાસે એવી અપેક્ષા રાખવી છે, પછી રામનું રાજ્ય ક્યાંથી સ્થપાય?

આજે કોઈને કંઈ પણ કહી શકાય તેમ નથી, કારણ બધે બોદું છે.

કાચના ઘરમાં રહેનારા બીજાના ઉપર પથરા નથી ફેંકતા કારાણ પોતે સમજતા હોય છે કે પોતે ફેંકેલો પથરો પોતાના ઘરના કાચને જ તોડવાનો છે.

એટલે સિંહ હળવેકથી કહ્યું:: 'ડરીશ ના, મને પણ સાડા ત્રણસો મળે છે. હું પણ ત્રણ મહિના પહેલાં જોડાયો છું' ત્યારે પેલાને ખાતરી થઈ કે પેલો સિંહ પણ સાચો સિંહ નથી એટલે એનો ડર જતો રહ્યો ને એણે નિર્ભયતાથી બનાવટી સિંહના મોઢામાં પોતાનું માથું મૂક્યું !!!

બસ, સમાજમાં બધે આવું છે. કોણ કોનાથી બીએ ? સૌ જાણે છે કે બધા ચામડાં પહેરીને જ જીવે છે. આમ, કોઈ સાચો સિંહ નથી, પછી માણસ ક્યાંથી ડરે?

હું અને તમે સત્ય તેમજ નીતિની વાતો કરીએ છીએ પણ આપણા જીવનમાં અને વર્તનમાં સત્ય અને નીતિનાં દર્શન ક્યાં છે? હા, બીજા પાસે સત્ય તેમજ નીતિના પાલનની અપેક્ષા જરૂરથી રાખીએ છીએ !!

ધર્મ ન દૂસર સત્ય સમાના - સત્ય સમાન બીજો કોઈ ધર્મ નથી. એ વાત આપણે સામાજિક દૃષ્ટિએ Social Point of View-વિચારી. હવે આધ્યાત્મિક દૃષ્ટિએ લઈએ.

જે વાક્ય જે દૃષ્ટિબિંદુથી કહેવાયું હોય એ દૃષ્ટિબિંદુથી જોવાય તો જ સાચું જણાય. બીજી રીતે જોવા જઈએ તો કદાચ ખોટું પણ લાગે.

ક્યારેક એક જ વક્તાનાં વક્તવ્યો વિરોધાભાસી પણ લાગે, પરંતુ એ વખતે કયું વક્તવ્ય કયા દૃષ્ટિબિંદુથી કહેવાયું એ વાત જોવાવી જોઈએ.

જ્ઞાનના દૃષ્ટિકોણથી જે વાત કહેવાય હોય તે જ્ઞાનના દૃષ્ટિકોણથી જ જોવાવી જોઈએ ને ભક્તિના દૃષ્ટિકોણથી જે વાત કહેવાઈ હોય તે ભક્તિના દૃષ્ટિકોણથી જ જોવાવી જોઈએ.

જ્ઞાની ગુરુ અને શિષ્યનો એક સંવાદ છે. શિષ્ય ગુરુને પૂછે છે કે 'મહારાજ, પરમ તત્ત્વ શું છે ?' તો ગુરુ કહે છે, 'પરમ તત્ત્વ પરમાત્મા છે.'

જે પરમ શક્તિ છે એનું નામ પરમાત્મા છે. Suprime power is God. એને ભગવાન કહો, રામ કહો, કૃષ્ણ કહો, અલ્લા કહો, ગોડ કહો, કશો ફરક પડતો નથી.

પાણીને પાણી કહો, જળ કહો, વોટર કહો, નામ ભલે અલગ અલગ કહો

પણ કશો ફરક નથી પડતો.

શબ્દના માધ્યમથી તમે જેના ભણી ઈશારો કરો છો એ તત્ત્વ તો એક જ છે.

મેં ઈંગ્લેન્ડમાં ત્યાંના નિવાસીઓને સમજાવેલું કે જેને અમે ભગવાન કહીએ છીએ અને તમે ગોડ કહો છો એમાં કશો ફરક પડતો નથી. અમે હિન્દુઓ ભગવાનનાં ત્રણ રૂપ માનીએ છીએ. એક રૂપ સર્જન કરનારું, બીજું પાલન કરનારું ને ત્રીજું રૂપ સંહાર કરનારું. અમે સર્જન કરનારું જે રૂપ છે એને બ્રહ્મ કહીએ છીએ. ......એને શિવ કહીએ છીએ ને આ ત્રણે

રૂપને જ તમે ગોડ-જી.ઓ.ડી. કહો છો. 'જી' એટલે જનરેટર-સર્જન કરનાર બ્રહ્મા, 'ઓ' એટલે ઓપરેટર-સંચાલન કરનાર વિષ્ણુ અને 'ડી' એટલે ડિસ્ટ્રોયર-વિનાશ કરનાર મહેશ. આમ, તમારા જી.ઓ.ડી.માં અમારા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એમ ત્રણેય ભગવદ્-સ્વરૂપોનો સમાવેશ થઈ જાય છે. પછી તમારા કે અમારા ભગવાનમાં જુદાપણું ક્યાં છે?

માણસો ભગવાનના નામે, ધર્મને સાધન બનાવી અંદરોઅંદર જ્યારે લડતા હશે ત્યારે ભગવાનને માણસની મૂર્ખતા ઉપર હસવું આવતું હશે અને સાથે-સાથે ગ્લાનિ પણ થતી હશે.

ધર્મ તોડવાનું નહીં, જોડવાનું કામ કરનારો હોવો જોઈએ. ધર્મ દૃષ્ટિને સંકુચિત નહીં, વિશાળ બનાવનારો હોવો જોઈએ. જ્યાં સંકુચિત દૃષ્ટિ છે, સ્વાર્થ છે, ત્યાં જ સંઘર્ષ છે. વિચાર વૈવિધ્યના લીધે નહીં પણ પોતાના વિચાર માટેના આગ્રહના લીધે જ સંઘર્ષ પેદા થતો હોય છે.

બાપ અને બેટાના વિચારો અલગ અલગ હોઈ શકે, એના કારણે ઝઘડો ઊભો ન થાય, પરંતુ હું કહું એ જ સાચું એવો આગ્રહ પેદા થાય તો અવશ્ય ઝઘડો થાય. આગ્રહમાંથી જ સંકુચિત દૃષ્ટિ પેદા થાય અને એ સંકુચિત દૃષ્ટિમાંથી સંઘર્ષ પેદા થાય.

કોઈ કવિએ સરસ કહ્યું છે કે :

કોઈને નામ ખટકે છે, કોઈને જાત ખટકે છે,

અમોને તો સંકુચિત દૃષ્ટિના ઉત્પાત ખટકે છે

નથી એ ધર્મનાં ટીલાં, કલંકો છે મનુષ્યોનાં,

વિરાટોના લલાટે અલ્પતાની ભાત ખટકે છે

માણસ વિરાટ હોય, મહાન ધર્માધિકારી હોય, મોટા ગાદીપતિ હોય, પરંતુ એમના કપાળ પર ટીલું હોય તો એ ટીલું એમની અલ્પતાનું સૂચન કરે છે- વિરાટોના લલાટે એ અલ્પતાની ભાત છે, જે ખટકે છે.

ધર્મ તો વિશાળતા આપનારો હોવો જોઈએ, સંકુચિતતામાં બાંધનારો નહીં.

પેલા શિષ્યે પોતાના જ્ઞાની ગુરુને પરમ તત્ત્વ શું છે એમ પૂછ્યું અને જ્ઞાની ગુરુદેવે 'પરમ તત્ત્વ એ જ પરમાત્મા છે, પરમ સત્ય એ જ પરમાત્મા છે' એમ કહ્યું ત્યારે શિષ્યે ગુરુને પૂછ્યું કે આપે પરમ તત્ત્વનો પરિચય તો આપ્યો, પરંતુ હવે એને પામી શી રીતે શકાય એનો ઉપાય બતાવો. ત્યારે ગુરુએ કહ્યું : 'બેટા, જો પરમ તત્ત્વની પ્રાપ્તિ કરી શકાતી નથી. એની તો અનુભૂતિ કરવાની હોય. ત્યારે પૂછ્યું :' શા માટે?' ત્યારે ગુરુદેવે કહ્યું : બેટા, પરમ સત્યની બાબતમાં બે અગત્યની બાબતો નોંધી રાખવાની જરૂર છ : એક, એ અસીમ છે ને બીજી, એ અખંડ છે.'

પરમ સત્ય અસીમ છે, એને કોઈ સીમા નથી, એનું કોઈ ક્ષેત્રફળ નથી ને પરમ સત્ય અખંડ છે એના કોઈ ભાગ નથી.

પાયા ઉસી કો જા શકતા હૈ જો અસીમ હો,

જિસકો ખંડો મેં બાંટા જા સકે

જેના ભાગ પાડી શકાય એમ હોય એને જ મેળવી શકાય. દસ ક્વિન્ટલ ઘઉં પડ્યા હોય અને એને હોલની બહાર લઈ જવાના હોય તો એ શક્ય છે, કારણ કે થોડા થોડા કરીને બહાર લઈ જઈ શકાય, પરંતુ જે અખંડ છે, જેના ભાગલા કરી શકાતા ન હોય એને શી રીતે બહાર લઈ જઈ શકાય?

એટલે તો સત્યને માપવાનો ગજ મળતો નથી ને એને તોલવાનું કોઈ કાટલું જડતું નથી.

વજનને માપવાના એકમ છે : ગ્રામ, કિલો, ક્વિન્ટલ, ટન વગેરે. ધરતીને માપવાના એક છે : ચોરસ ફૂટ, ચોરસ મીટર, ચોરસ વાર વગેરે. પ્રવાહીને

માપવા માટેનાં એક છે લિટર વગેરે તો સત્યને માપવા માટેનો કોઈ એકમ ખરો? પાંચ કિલો સત્ય કે પચીસ કિલો સત્ય....ત્રણ મીટર સત્ય કે તેર મીટર સત્ય કહી શકાશે ખરું ? નહીં જ કહી શકાય, કારણ કે એને માપવાનો કોઈ એકમ નથી. એ અખંડ છે. એને વિભાગોમાં વહેંચી શકાતું હોત તો એને માપવા માટેનો કોઈ એકમ હોત.

આમ, પરમ સત્ય તો અખંડ છે, એને મેળવવાની વાત સંભવિત નથી, એની અનુભૂતિ જ સંભવિત છે.

પરમ સત્ય અસીમ છે ને આપણી શક્તિ તો સીમિત છે. આપણી બુદ્ધિ પણ સીમિત છે, ભક્તિ પણ સીમિત છે, તન, બળ પણ સીમિત છે ને બુદ્ધિબળ પણ સીમિત છે.

બુદ્ધિ સીમિત છે એટલે એ સીમિતને જ જોઈ શકે, આપણને ટેબલની એક સાઈડ દેખાશે તો બીજી સાઈડ નહીં દેખાય અને બીજી સાઈડ દેખાતી હશે તો આ સાઈડ નહીં દેખાય એટલે પછી જે અખંડ છે એને શી રીતે પામી શકાશે ?

જે અસીમ છે, જેની કોઈ સીમા છે એ અસીમને શી રીતે પામી શકશે ? એ નહીં જ પામી શકે એમ ગુરુદેવે કહ્યું  એટલે શિષ્યે પૂછ્યું કે તો તો મારી સમસ્ત સાધના વ્યર્થ થઈ જશે...તો પછી સાધના કરવાનો અર્થ શો ?

ત્યારે ગુરુદેવે કહ્યું : સાધનાનો અર્થ છે સ્વને પરમ સત્યમાં વિસર્જિત કરી દેવું. પોતાને મિટાવી દેવામાં જ, મેળવવામાં નહીં, સાધનાની સાર્થકતા બેઠી છે.

આગળ વધીને ગુરુદેવે કહ્યું : ‘બિંદુ સિંધુમાં મળી જાય એટલે બિંદુ સિંધુ બની જાય....બિંદુએ સિંધુને મેળવ્યો એમ કહેવું એ પૂર્ણ સત્ય નથી, પરંતુ બિંદુ સિંધુ બની ગયો એમ કહેવામાં પૂરી વાસ્તવિકતા છે.

એટલે સાચી હકીકત આ છે. થોડાક ભીતરમાં જઈને જોશો તો બિંદુ સિંધુ બની જાય એમાં જ બિંદુ માટે સિંધુની પ્રાપ્તિ બેઠી છે. પ્રાપ્ત કરવાની વાત કરીએ ત્યારે પ્રાપ્ત કરવાપણાનો કર્તાભાવ-મેં પ્રાપ્ત કર્યું એવો અહંભાવ માથું ઊંચકતો હોય છે. જ્યારે સાધકે તો સિંધુ બની જવામાં જ સાર્થકતા બેઠી છે કે જેથી અહંભાવ, કર્તાભાવ નાબૂદ થઈ જાય.

હું મેળવું છું એ ભાવ ‘હું’પદ જાગૃતદ રહેતું હોય છે, જ્યારે હું સમાઈ જાઉં, મારા સ્વનું હું વિસર્જન કરી દઉં એ ભાવનાનાં બિંદુ મટી જઈ સિંધુ બની જવાની ક્ષમતા બેઠી હોય છે.

બિંદુ સિંધુમાં મળી જાય એટલે બિંદુ. બિંદુ મટી જાય ને સિંધુ બની જાય. જીવ શિવમાં ભળી જાય એટલે જીવ, જીવ મટી જાય ને શિવ બની જાય અને પછી ‘શિવોહમ્’ ‘સોહમ્’ની-તીર્થંકરની ભૂમિકાએ પહોંચી જવાય.

જે ‘સ્વ’ને વિસર્જિત કરી શકે એ જ તીર્થંકર પદને પામી શકે છે. સાધના કશુંય પામવા માટે નહીં પણ ‘સ્વ’ને મિટાવવા માટે કરવાની છે. અહંકારને નિર્મૂળ કરવા માટે કરવાની છે. અહંને મિટાવી શકે છે તે જ સોહમ્-શિવોહમ્ બની શકે છે.

સંસારમાં સફળતા મેળવવી હશે તો તમારામાં અહંકાર હોવો જોઈએ, કારણ કે સંસાર તો અહંકારની યાત્રા છે. તમારામાં જો આત્મવિશ્વાસ નહીં હોય તો તમે સંસારયાત્રામાં સફળ નહીં થાઓ, પરંતુ અધ્યાત્માના માર્ગમાં આત્મવિશ્વાસની નહીં, પરમાત્મવિશ્વાસની જરૂર છે.

અધ્યાત્મના માર્ગમાં આત્મવિશ્વાસ-અહંભાવ આવી જાય તો બહુ સફળ ન થવાય. એમાં તો ભગવાન ઉપર ભરોસો રાખીને જ ચાલવાનું હોય. જ્યારે સંસારયાત્રામાં કેવળ ભગવાનના ભરોસે ચાલો, દુકાન ઉપર બેઠા હો ને હિસાબના ચોપડા પણ ન જુઓ, કોઈ ને કાંઈ કહો પણ નહીં તો સફળતા ન પમાય. ત્યાં તમારે આત્મિવશ્વાસને સાથે રાખવો જ પડે.

સંસારયાત્રામાં ભગવાન  બેઠો છે એમ સમજીને વર્તો, પરંતુ કેવળ એ તમારા માટે બેઠો છે એમ નહીં પણ હરદમ તમારી સાથે રહે છે એવી ભાવના સેવો.

ગીતામાં બહુ સરસ વાત આવે છે એમાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે ‘તું લડવાનું શરૂ કર. હું તારા રથ ઉપર સારથિ થઈને બેઠો છું, પરંતુ લડવાનું તો તારે જ છે. હું તારા વતી લડવાનું કામ નહીં કરું પણ તારી સાથે રહીશ.’

આમ, ઈશ્વર આપણી સાથે જ છે એમ માનીને આપણે સંસારમાં વર્તવાનું છે પણ એ આપણા માટે જ છે ને આપણા વતી જ બધું કામ કરશે એમ માનીને બેસી રહેવાનું નથી.

એક ગામમાં સરકસ આવ્યું. એક ગ્રેજ્યુએટ થયેલો પણ નોકરી-ધંધા વિનાનો બેકાર યુવાન સરકસ જોવા ગયો. જોઈને મજા આવી ને પછી નોકરી માટે મેનેજરને મળ્યોઃ 'ગ્રેજ્યુએટ છું, બેકાર છું. મને કામ આપો.' મેનેજર કહે, 'તારા જેવા ગ્રેજ્યુએટને લાયક મારી પાસે કોઈ કામ નથી.' ત્યારે પેલો કહે : 'મને ગમે તે કામ આપો. જે કામ સોંપશો તે કરીશ. હું તો સાવ બેકાર છું.' મેનેજર કહે, 'પણ તમે ગ્રેજ્યુએટ છો' તો પેલો કહે : 'મારા ગ્રેજ્યુએશનને બાજુ પર મૂકો ને મને કામ આપો, કોઈ પણ કામ આપો'. ત્યારે મેનેજરે કહ્યુંઃ 'તો પછી એક કામ છે. રીંછનું ચામડું પહેરીને ખેલ કરવા રીંગમાં આવવાનું.' પેલાને થયુંઃ 'હું ગ્રેજ્યુએટ ને આવો ખેલ કરું ?' વળી, પાછો વિચાર કર્યો : 'કંઈ વાંધો નહીં. આમેય બેકાર છું તેના કરતાં આ શું ખોટું ?' એટલે કહ્યુંઃ 'ભલે, કબૂલ પણ પગાર કેટલો ?' તો કહે : 'દોઢસો રૂપિયા' એટલે યુવાને કહ્યું : 'ફક્ત દોઢસો રૂપિયા ?' તો મેનેજરે કહ્યું : 'રીંછનું ચામડું પહેરીને રીંગમાં આવવા માટે મારે ગ્રેજ્યુએટની જરૂર નથી. એ માટે તો ગમે તે અભણ પણ ચાલે એટલે હું તો દોઢસો રૂપિયા આપીશ. રહેવું હોય તો રહો.' ત્યારે યુવાનને થયું : 'દોઢસો તો દોઢસો. સાવ બેકાર રહેવું એના કરતાં શું ખોટું છું ?' એમ કહી નોકરી સ્વીકારી લીધી. બીજા દિવસે એ આવી ગયો એટલે મેનેજરે રીંછનું ચામડું બરાબર પહેરાવી દીધું અને એને શીખવાડ્યું હતું એમ એ આવ્યો ચારે પગે, પ્રેક્ષકો ખૂબ ભેગા થયેલા. એ રીંછનું ચામડું પહેરીને રીંગમાં આવ્યો ને સામેથી એક મોટું પાંજરું લાવવામાં આવ્યું. એમાં સિંહ હતો. જેવું પાંજરું ખોલ્યું કે તરત સિંહ કૂદીને બહાર આવ્યો અને રીંગ માસ્ટરે સોટી પછાડી. ખેલ એવો કરવાનો હતો કે સિંહ મોઢું ફાડીને  બેસે ને રીંછે પોતાનું માથું એના મોઢામાં નાખવાનું. સિંહ તો કેળવાયેલો હતો એટલે એકદમ મોટું ફાડીને

ગર્જના કરતો બેઠો. રીંગ માસ્ટરે આવીને રીછનું ચામડું પહેરીને બેઠેલા યુવાનને સોટી અડાડીને કહ્યું : 'ચાલ સિંહના મોઢામાં માથું નાખ. પેલો મનમાં કહે કે 'આ દોઢસો તો ભાર પડે. સિંહના મોઢામાં માથું નાખું ને પછી એ જો મોઢું બંધ કરી દે તો ? તો માથું એના મોઢામાં જાય ને ધડ બહાર રહી જાય. આ દોઢસો તો પરેશાન કરી નાખે..' પણ પેલા રીંગ માસ્ટરે ફરીથી સોટી મારી એટલે આગળ વધવું જ રહ્યું. એ ડરતો ડરતો સિંહની નજીક આવ્યો...શરીર ખૂબ ધ્રૂજવા માંડ્યું

ઈશ્વર આપણી સાથે જ છે. પુરુષાર્થ કરવાની, કામ કરવાની શક્તિ ઈશ્વર જ આપણને આપે છે એ ભાવના લઈને જીવીશું તો આપણા જીવનમાં દિવ્યતા આવશે. આપણું કર્મ પણ એક ભક્તિ બનશે, ઉન્નતિ માટેની એક સાધના બનશે.

આપણે એ ભાવના મુજબ વર્તવું જોઈએ કે હું જે કર્મ કરું છું, જે કંઈ કાર્ય કરું છું એની પાછળની ક્રિયાશક્તિ પરમાત્માની છે, કારણ કે ક્રિયાશક્તિ અન્નજળ વડે આવે છે ને અન્નજળ પરમાત્મા આપે છે અને તેથી જ હું બોલતો હોઉં, ચાલતો હોઉં ને જોતો હોઉં તો એ બધી જ શક્તિ પરમાત્માની છે.

હવે જો હું બોલતો હોઉં, ચાલતો હોઉં ને જોતો હોઉં એ બધી જ શક્તિ ઈશ્વરની જ હોય તો ઈશ્વરની શક્તિનો દુરુપયોગ કરવાનો મને અને તમને કોઈ અધિકાર ખરો ? એ શક્તિની કિંમત નક્કી કરવાનો મને ને તમને કોઈ અધિકાર ખરો ? ભારતીય ઋષિઓ એની સ્પષ્ટ ના પાડે છે ?

મૂડીવાદ અને સમાજવાદ આ બંને વિચારધારાઓ સતત ચાલતી આવે છે. મૂડીવાદમાં શ્રમજીવીઓનું શોષણ થતું હોય એટલે સમાજવાદ મૂડી સામે શ્રમનોસમાન હક માગે છે એ સારી વાત છે, પરંતુ ભારતીય ઋષિ તો એથી પણ ઉપર ઊઠે છે ને કહે છે કે નહીં, શ્રમ કરવાની શક્તિ તો પરમાત્માની છે ને પરમાત્માની શક્તિની કિંમત કરવાનો મને કે તમને કોઈ અધિકાર નથી કે એક દિવસના શ્રમનું મૂલ્ય આટલું લઈશ. એની વાત તો 'કર્મણ્યે વાધિકારસ્તે મા ફલેષુ કદાચન'ની છે. એને મન શ્રમનું મહત્ત્વ છે પણ મૂલ્ય નથી. 'ધેર ઈઝ ડિફરન્સ બિટવિન વેલ્યૂ એન્ડ પ્રાઈસ.' હવાની પ્રાઈસ (કિંમત) નથી, પરંતુ હવાની વેલ્યૂ (મહત્ત્વ) કેટલી બધી છે ? જેની કશીય કિંમત આપવી પડતી નથી એ હવા ન હોય તો જીવી શકાય ખરું ?

બસ, એ જ વાત પરમાત્માએ આપેલી શક્તિની છે. એની 'પ્રાઈસ' ગણવાની ન હોય, એની તો 'વેલ્યૂ' સમજવાની હોય.

પ્રભુ દીધી શક્તિ વડે શ્રમ કરનારો શ્રમજીવી પોતાના શ્રમની ૨૫ રૂપિયા કિંમત ન કરાવે, પરંતુ શ્રમ કરનારના હૃદયમાં શ્રમની યોગ્ય કદર થાય તે માટેનો ભાવ જગાડે.

પ્રભુ દીધી શક્તિનો દુરુપયોગ કરવાનો મને અને તમને અધિકાર નથી એ

શક્તિ તો પ્રભુ રાજી રહે એવાં કામોમાં સદુપયોગ કરીએ એ જ એની અને આપણી સાર્થકતા છે.

ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે ‘લડવાની તાકાત તારામાં છે, તે વડે તું લડ, હું લડી આપવાનો નથી પણ તારી સાથે રહેવાનો છું.’ ભગવાનનાં આ વચનો પર વિશ્વાસ રાખીને અર્જુને યુદ્ધ કર્યું તો એ વિજય પામ્યો.

સંસાર અહંતાની યાત્રા છે, જ્યારે અધ્યાત્મની યાત્રામાં અહંતા અને મમતા બેયને છોડવાં પડે છે.

અહંતા એટલે ‘હું’ અને મમતા એટલે ‘મારું’- આ ‘હું’ અને ‘મારું’એ જીવને પકડી લીધો છે, આકર્ષિત કરી લીધો છે.

હું અને મારુંની વૃત્તિઓ જ જીવને સંસારના બંધનમાં બાંધી રાખે છે. અધ્યાત્મના માર્ગે જનારાએ આ બંને વૃત્તિઓને છોડી દેવી જોઈશે. આ બંને વૃત્તિઓને મિટાવી દેવી જોઈશે.

અધ્યાત્મના માર્ગે જવું હશે તો ભગવાન મહાવીર પર, ભગવાન શ્રીકૃષ્ણ પર, ભગવાન શ્રીરામ પર, મહાબલી હનુમાન પર પૂર્ણ ભરોસો હોવો જોઈશે.

એટલે અધ્યાત્મ માર્ગે શિવને મેળવવા માટે નહીં પણ શિવમાં ભળી જઈ શિવ સાથે એકરૂપ થવાની યાત્રા જીવે કરવાની છે.

ભક્ત જ્યારે ગુરુદેવને પૂછે કે ‘મારે પરમાત્માને પ્રાપ્ત કરવા છે તે માટે હું શું કરું ?’ તો ગુરુદેવ કહેશે કે ‘ભગવાનનું ભજન કર ને ભગવાનમય બની જા.’ ત્યારે ભક્ત કહેશે કે ‘મારે ભગવાનમય થવું નથી પણ ભગવાનને મેળવવા છે, કારણ કે હું સોહમ્‌નો ભાવ લઈને બેઠો છું. હું સેવક મટીને માલિક થવા નથી માગતો.’

આમ, પરમ સત્ય એ જ પરમાત્મા છે અને આપણે પરમાત્માના અંશ હોવાના નાતે આપણે ઈચ્છીએ કે ના ઈચ્છીએ, સત્ય બોલીએ કે ના બોલીએ, નીતિનું પાલન કરીએ કે ના કરીએ, પરંતુ ભીતરમાંથી તો આપણે સત્ય નીતિના જ ચાહક છીએ અને એના માટેની જ આપણી વાસ્તવિક માગ છે, કારણ કે આપણે સત્યના અંશ છીએ.

એટલે જીવનમાં જો શાંતિ જોઈતી હોય તો 'ધરમ ન દૂસર સત્ય સમાના'ની ભાવનાપૂર્વક સત્ય સમાન બીજો કોઈ ધર્મ નથી એ સત્ય પર પૂર્ણ શ્રદ્ધા રાખી જીવનમાં બની શકે એટલું સત્યનું જ આચરણ કરતા રહો.

કારણ કે અસત્ય ને અનીતિના માર્ગે જનારો ગમે એટલો મહાન-રાવણ જેટલો બળવાન હશે તો પણ એને ડરવું પડશે.

રાવણ જેવો રાવણ સીતાનું હરણ કરવા ગયો ત્યારે ધ્રૂજતો હતો. ઝાડનાં પાંદડાં હાલે તો પણ ડરી જતો હતો, ભયભીત થઈ જતો હતો.

જેના બાહુબળથી દેવતાઓ થથરતા હતા એ દશાનન સીતાનું હરણ કરવા ગયો ત્યારે ભીતરમાં કાંપતો હતો, કારણ એ અનીતિના, અસત્યના માર્ગે વળ્યો હતો.

પરમ સત્યની આરાધના કરીશું, સત્યની ઉપાસના કરીશું, 'ધરમ ન દૂસર સત્ય સમાના' એ ભાવનાપૂર્વક સત્યના માર્ગને જ વળી રહીશું તો આપણે પણ નિર્ભય હોઈશું ને સત્યના માર્ગે ડગ ભરતાં ભરતાં અંતે સત્યમય-પરમાત્મામય બની જઈશું.

સદ્‌વિચાર પરિવારના પરિસરમાં મહિલાઓના ઉત્કર્ષ માટેની વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે બ્યુટી પાર્લર, સીવણ, કમ્પ્યૂટર, બેકરી સહિતની તાલીમ માટે છેલ્લાં ત્રણ વર્ષમાં ૧૫૦૦થી વધુ બહેનોએ લાભ લીધો છે. આપ અને આપની આસપાસ પણ આવી કોઈ બહેનોને પોતાના અને પોતાના પરિવારના ઉત્કર્ષ માટે જરૂર જણાતી હોય તો તમે **સદ્‌વિચાર પરિવાર, સમર્પણ વિદ્યાપીઠ, રામદેવનગર બસ સ્ટેન્ડ પાસે, ઈસરો રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ- ૩૮૦૦૧૫**ની મુલાકાત લઈને વધુ જાણકારી મેળવી લાભ લઈ શકશો અથવા જરૂરિયાતમંદ મહિલાઓને લાભ અપાવી શકશો.

## સત્યં પરમ ધીમહિ

ઋષિઓના આ દેશમાં રામાયણ અને શ્રીમદ્ ભાગવતનો અપૂર્વ પ્રભાવ કલિકાલમાં પ્રવર્તી રહ્યો છે. ભગવાન શ્રી રામચંદ્રજીએ રામાયણમાં સૌથી વધારે ભાર સત્ય ઉપર મૂક્યો છે. સત્ય શું છે ? આ જગત...કે આ જગતને બનાવનાર પરમ બ્રહ્મ સ્વયં પોતે...કે પછી અટપટાવાળી આ માયા...પરમાત્મા સ્વયં પરમ સત્ય છે અને એટલે જ રામાયણમાં 'સત્યં પરમ ધીમહિ'નો અતિ પાવન સંદેશ પ્રભુએ આપણને આપ્યો છે.

આ નાની સરખી પુસ્તિકામાં એ જ સંદેશ આપ સૌને સમર્પિત થયો છે. શ્રીમદ્ ભાગવતભૂષણ રમેશભાઈએ વાણી અને વર્તનમાં આ સત્ય વણી લીધું છે. જગતના કલ્યાણ અર્થે આવાં સૂત્રો સંતો તરફથી મળતાં રહે એવા આશીર્વાદ સાથે.

**- સંપૂર્ણાનંદજી (મૌનીબાબા)**
**ભરદ્વાજ આશ્રમ, મંગલેશ્વર, નર્મદાતટ**

**સદ્‌વિચાર પરિવાર**
સમર્પણ વિદ્યાપીઠ, રામદેવનગર બસ સ્ટેન્ડ પાસે
ઈસરો રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ- ૩૮૦૦૧૫
Website: www.sadvicharparivar.org
E-mail: sdparivar.org@gmail.com

# સદ્‌વિચાર પરિવાર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪માં થયેલ સેવાનું સરવૈયું

## સદ્‌વિચાર પરિવાર

| વિગત | ક્રમ | પ્રવૃત્તિનું નામ | વર્ષ ૨૦૨૩-૨૪ની પ્રવૃત્તિનો લાભ લીધેલ લાભાર્થીની આંકડાકીય માહિતી |
|---|---|---|---|
| સદ્‌વિચાર પરિવાર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર, ઉવારસદ | ૧ | SSC Result | ૭૩.૩૩% |
| | ૨ | HSC Result | ૧૦૦.૦૦% |
| મહિલા ઉત્કર્ષ કેન્દ્રના વિવિધ કોર્સની માહિતી | ૩ | બેઝિક બ્યુટી પાર્લર | ૯૪ |
| | ૪ | એડ્‌વાન્સ બ્યુટી પાર્લર | ૩૧ |
| | ૫ | બેઝિક સીવણ | ૫૧ |
| | ૬ | એડ્‌વાન્સ સીવણ | ૩૫ |
| | ૭ | બેઝિક બેકરી | ૫૧ |
| | ૮ | એડવાન્સ બેકરી | ૭૨ |
| | ૯ | CCC | ૧૫૫ |
| | ૧૦ | ટેલિ | ૫૦ |
| સદ્‌વિચાર પરિવાર નરોડા સંકુલ | ૧૧ | Eye OPD | ૨૬,૨૯૪ |
| | ૧૨ | Physiotherapy | ૧૬૧૨ |
| | ૧૩ | Eye Operation | ૧૪૮૬ |
| | ૧૪ | Dental OPD case details | ૫૭૧૫ |
| સદ્‌વિચાર પરિવાર આરોગ્ય સેવા સંકુલ, સેટેલાઈટ | ૧૫ | Eye | ૫૭૬ |
| | ૧૬ | Pathology | ૪૧૦ |
| | ૧૭ | Dental | ૨૦૨૦ |
| | ૧૮ | Physiotherapy | ૭૫૫૭ |
| | ૧૯ | Sp | ૮૮૯ |
| | ૨૦ | OPD | ૧૩૪૬ |
| | ૨૧ | Dr. Pankaj Sir's Consultation | ૧૧૯ |
| | ૨૨ | Mahila | ૨૮૭ |
| | ૨૩ | Mental Health | ૨૧૫ |
| | ૨૪ | Vadil Mavjat | ૧૦૫ |
| | ૨૫ | અસ્થિવિસર્જન સેવા- હરિદ્વાર અને ચાણોદ ખાતે | ૨૪૭૫ |
| શુભમ્ કોમ્યુનીટી હોલમાં થયેલ લગ્નની વિગત | | નોંધણી સાથે (સેટેલાઈટ ખાતે) | ૧૫૦ |



સદ્વિચાર પરિવાર સેવા સદન, રામદેવનગર, સેટેલાઈટ (અમદાવાદ)



સદ્વિચાર પરિવાર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર, ઉવારસદ (ગાંધીનગર)



સદ્વિચાર પરિવાર નરોડા સંકુલ (અમદાવાદ)